જુલાઈ ૨૦૧૬

કિંમત ₹ ૧૦

# દાદાવાણી



જેની આ જગતમાં સર્વસ્વ પ્રકારની ભીખ ગઈ હોય, તેને આ જગતના તમામ સૂત્રો (સત્તા) હાથમાં આપવામાં આવે છે. અત્યારે મારા હાથમાં સત્તા આવી ગઈ છે, કારણ કે મારી સર્વસ્વ ભીખ છૂટી ગઈ છે.

**તંત્રી : ડિમ્પલ મહેતા**
વર્ષ : ૨૧, અંક : ૧૧
સળંગ અંક : ૨૫૧
**જુલાઈ ૨૦૧૬**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૩૨ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડૉલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડૉલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જ્ઞાનીની પ્યૉરિટી ઝળકે જીવન વ્યવહારમાં

### સંપાદકીય

સૂર્યનો ઉદય રોજ પ્રભાતે એકલી પૂર્વ દિશામાં જ થાય છે, પરંતુ એના તેજથી ચારે દિશા પ્રફુલ્લિત, પ્રકાશિત, જીવંત થાય છે. સૂર્યને પોતાનો પરિચય આપવાનો નથી હોતો, એનું અજવાળું સહજતાથી એનો પરિચય આપે છે. એવી જ રીતે પ્રગટ જ્ઞાની પુરુષ પણ એક એવું જીવંત તત્ત્વ છે કે જેનો જ્ઞાનપ્રકાશ શબ્દોની મર્યાદામાં માપી ના શકાય.

જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ના નિકટ સમાગમથી પ્રત્યેક મહાત્માઓને એમના સાદા, સરળ, સહજ વ્યક્તિત્વમાં અધ્યાત્મની સાગરસમ અસાધારણ ઊંડાઈ, મેરુ પર્વત જેવી અડગતા, સૂર્ય જેવો પ્રતાપ ને ચંદ્ર જેવી સૌમ્યતા અચૂક અનુભવાતી હતી. એકવાર દાદાશ્રીને જે મહાત્મા મળ્યા છે, એમના સ્મૃતિપટ્ટ પરથી તેઓ વિસરાય નહીં. દુનિયાના કોઈ પણ ખૂણે મહાત્મા રહેતા હોય તો પણ એનું ચિત્ત દાદાશ્રી સમીપ ખેંચાય. એમની હાજરી જ સહુના હૃદયને ઠારે. ત્યારે થાય આ ખેંચાણનું રહસ્ય શું ? ત્યારે દાદાશ્રી જ કહેતા કે આ અમારી 'પ્યૉરિટી' જગતને આકર્ષે છે.

દાદાશ્રીના જીવન પ્રસંગોનું અવલોકન કરતા સમજાય કે તેઓના વ્યવહારમાં ચોખ્ખી નીતિ, પ્રામાણિકતા, સ્થૂળ પ્યૉરિટી નાનપણથી જ જોવા મળે છે. પ્યૉરિટી શબ્દને વ્યવહારમાં સમજીએ તો પ્રામાણિકતાથી શરૂ થાય અને ઊંડો તાત્ત્વિક મર્મ સમજીએ તો એ શુદ્ધતા તરફ લઈ જાય છે. કષાય-વિષય વગરની દૃષ્ટિ એ જ પ્યૉરિટી. અહીં અક્રમમાં આપણે ત્યાં મહાત્માઓ માટે લક્ષ્મીની ને વિષયની પ્યૉરિટીને ખૂબ જ મહત્વ મૂક્યું છે. માનની પ્યૉરિટીમાં હજુ થોડું દુઃખ અપાય છે, પણ પોતે જાગૃત છે અને દોષોના પ્રતિક્રમણ કરે છે એટલે નિશ્ચયમાં પ્યૉરિટી થઈ છે, પણ દાદાશ્રી આપણને જ્ઞાન સાથે વ્યવહારમાં પણ પ્યૉરિટી લાવવાનું સૂચન કરે છે.

મહાત્માઓને સાધનામાં સોપાન યથાર્થપણે સર થઈ રહ્યા છે, તેની પારાશીશી શું ? જ્ઞાની શું કહે છે, 'તું ગમે તે કર, તપ કર, જપ કર, શાસ્ત્રોના શાસ્ત્રો ધારણ કર, ગુરુની સેવા રાત-દહાડો કર, પણ જો તારા ક્રોધ-માન-માયા-લોભ નિર્મૂળતાને યા તો મંદતાને પામ્યા નથી, તો તારો રાહ આત્યંતિક મુક્તિનો નથી, પ્યૉરિટીનો નથી.'

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીના જીવનમાં સ્પર્શેલી સ્થૂળ-સૂક્ષ્મ પ્યૉરિટીની એક ઝલક જ અત્રે દર્શાવી છે. આમ તો જ્ઞાનીની પ્યૉરિટીનું વર્ણન કરવા વાણી અસમર્થ છે, પણ મહાત્માઓ માટે પ્યૉરિટી એટલે અહંકાર ઓગાળવાની પ્રોસેસ. અંતિમ લક્ષમાં તો અહંકાર ને બુદ્ધિ ખલાસ થશે એટલે ટ્રાન્સ્પરન્સી (પારદર્શકતા) આવશે. આ પ્યૉરિટીથી જ જગતનું કલ્યાણ થશે. એક માત્ર શુદ્ધ, પ્યૉર થવાનો ભાવ એ જ મૂળ ધ્યેયને પમાડશે.

**જય સચ્ચિદાનંદ.**

# જ્ઞાનીની પ્યૉરિટી ઝળકે જીવન વ્યવહારમાં

## કશું જોઈતું નથી ત્યારે પ્યૉર થવાય

**પ્રશ્નકર્તા :** દાદા, આપની પાસે અહીંયા અમને ઘર કે બીજું કંઈ ભૌતિક યાદ નથી આવતું.

**દાદાશ્રી :** અહીં મોહની ભૂમિકા નહીં ને કોઈ જાતની, એટલે નિર્લેપ બનાવે ! શું થવાની ઈચ્છા છે તારી ?

**પ્રશ્નકર્તા :** પ્યૉર (ચોખ્ખા), શુદ્ધ.

**દાદાશ્રી :** પ્યૉર, શુદ્ધ ! બીજી કોઈ ઈચ્છા નહીં ? કોઈ પણ પ્રકારની નહીં ? હશે મહીં, સારું ખાવાનું મળે કે એવું તે બધું ?

**પ્રશ્નકર્તા :** ના, એવી ઈચ્છા નહીં. પ્યૉર થઈ જવું છે, બસ.

**દાદાશ્રી :** બીજી કોઈ ઈચ્છા ? કોઈ જાતની નહીં ? ત્યારે નોકરી કરવા ગયો તે ?

**પ્રશ્નકર્તા :** એ બધો ફાઈલનો નિકાલ. પ્યૉર થવું એ જ ડિસિઝન (નિર્ણય)માં છે મારે, દાદા.

**દાદાશ્રી :** ઓહો ! તો કમ્પ્લીટ (પૂરું) થઈ જાય પછી. તાવી જોઉં છું એને ?

**પ્રશ્નકર્તા :** મહીં કઈ કઈ ઈચ્છાઓ છે તે બધું તાવી જોવાનું. શુદ્ધ થવાની જ ઈચ્છા છે એ તાવી જોવાનું, એ જરા ફોડ પાડો ને !

**દાદાશ્રી :** આ ઘી બરોબર તાવ્યું ના હોય, ત્યારે મહીં બગરું (ઘી તાવતા રહેલું કીટું) હોય ને, એ બધું ખાટું હોય. તે પછી ફરી તાવે. તાવે એટલે ચોખ્ખું થઈ જાય. તાવી જોવાનું, એ બગરુંમાં ખટાશ લાગે છે કે નહીં ?

## કેવી રીતે તાવી જોવું ?

**પ્રશ્નકર્તા :** પ્યૉર થવામાં કેવી રીતે તાવી જોવું ?

**દાદાશ્રી :** લે, એની રીત ખોળે છે ! મહીં આત્મા છે, એ થર્મોમિટર જેવો છે. બધું ખબર પડે, તાવ કેટલો ચઢ્યો છે કે ઊતર્યો છે ! કઈ બાજુ દાનત છે એ ખબર ના પડે ?

**પ્રશ્નકર્તા :** પડે દાદા, પણ એટલી બધી જાગૃતિ નહીં ને ! અમુક ખબર પડે આમ, અમુક જતું રહે. બધું એવું જ છે ને !

**દાદાશ્રી :** એ તો તને એકલાને એવું હોય છે, બાકી બધાને કંઈ થોડું એવું હોય છે ? તને મહીં ખબર પડે કે ના પડે ?

**પ્રશ્નકર્તા :** અંદર બધી ગાંઠો ફૂટે એટલે ખબર પડે કે આને આ તરફ હજી બધો ચારિત્રમોહ છે.

**દાદાશ્રી :** ગાંઠો ફૂટે તે નહીં. ગાંઠો ભલે ફૂટે, ગાંઠો ફૂટે એ ડિસ્ચાર્જ છે. પણ અંદર ઈચ્છા કેવી હોય છે કે આ આવું જોઈએ, હજુ એવી ભીખ હોય છે. વસ્તુ એનો વાંધો નથી, ભીખનો વાંધો છે. ભીખ રહે છે મહીં ? ભીખ તો તરત ખબર પડી જાય.

**પ્રશ્નકર્તા :** સૂક્ષ્મમાં રહે છે એવો તો ખ્યાલ નથી. આમ બહાર દેખાતી નથી, (પણ) અંદર ઝીણી-ઝીણી હોય તો ખ્યાલ નથી મને.

**દાદાશ્રી :** ઝીણી-ઝીણી હોય તો ખબર ના પડે એમ ? ભીખ તો તરત ખબર પડી જાય. તને નથી ભીખ કશાની ?

## ભેદ, ચારિત્રમોહ અને ભીખમાં

**પ્રશ્નકર્તા :** હા, દાદા. વિષયોની, માનની, બધાની ભીખ દેખાય. (પણ) ચારિત્રમોહ અને આપ જે કહો છો ભીખ, એ બેમાં (શું) ભેદ ? (એ) ખ્યાલ નથી આવતો.

**દાદાશ્રી :** ચારિત્રમોહ નિકાલી છે, ડિસ્ચાર્જ છે અને ભીખ એ બધું ઊભું કરે છે મહીં. ભીખ માટે હંમેશા ઉપયોગ રહે. ભીખમાં આખો ઉપયોગ જ પેસી જાય અને ચારિત્રમોહમાં ઉપયોગ જાગૃતિ રહે.

(**પ્રશ્નકર્તા :** દાદા, તો પછી આ ભીખ કોને કહેવી ?)

**દાદાશ્રી :** કંઈ પણ ઈચ્છા એ ભીખ છે. મને માન આપશે ને આ લોકોથી આમ મળશે એવી ઈચ્છા સેવવી એ ભીખ જ છે. આ તો બધા (એવી) ભીખને માટે નીકળેલા છે, એમનું પેટ ભરવા નીકળ્યા છે. સહુ સહુનું પેટ ભરવા નીકળ્યા છે.

એટલે 'ભીખ' શબ્દ હું લખું, બીજા લોકો લખે નહીં. તેઓ 'તૃષ્ણા' લખે. અલ્યા, ભીખ લખ ને ! તો એનું ભિખારીપણું છૂટે બળ્યું ! તૃષ્ણાનો અર્થ શું છે ? તૃષ્ણા એટલે તરસ. અલ્યા, તરસ તો લાગી કે ના લાગી, તેમાં શું વાંધો ? અલ્યા, આ તો તારી ભીખ છે ! જ્યાં ભીખ હોય ત્યાં આગળ ભગવાન કેમ ભેગા થાય ? આ 'ભીખ' શબ્દ એવો છે કે વગર ફાંસીએ ચઢ્યે ફાંસી લાગે !

ભીખ કેટલા પ્રકારની હશે ? માનની ભીખ, લક્ષ્મીની ભીખ, વિષયોની ભીખ, શિષ્યોની ભીખ, દેરાં બાંધવાની ભીખ, અપમાન ના થાય એની ભીખ. બધી જાતની ભીખ, ભીખ ને ભીખ ! ત્યાં આપણું દળદર શું ફીટે ?

## ઘરાકોની ભીખથી દલાલોને વકરો

ભીખવાળા પાસે આપણે જઈએ તો એ પોતેય સુધરેલો ના હોય ને આપણનેય સુધારે નહીં. કારણ કે દુકાનો ચાલુ કરી છે લોકોએ અને આ ઘરાકો મળી આવે છે નિરાંતે !

એક જણ મને કહે છે કે 'એમાં દુકાનદારનો દોષ કે ઘરાકનો દોષ ?' મેં કહ્યું, 'ઘરાકનો દોષ.' દુકાનદાર તો ગમે તે દુકાન કાઢીને બેસે, આપણે ના સમજીએ ? પેલો મચ્છીમાર આટલો લોટ ટાંકણીમાં ચોપડીને ઘાલે છે અને એને તળાવમાં નાખે છે, તેમાં મચ્છીમારનો દોષ કે એ ખાનારનો દોષ ? જેને આ લાલચ છે, તેનો દોષ છે કે મચ્છીમારનો ? જે પકડાય એનો દોષ !

લોકોને પૂજાવું છે, એટલા માટે વાડા ઊભા કરી દીધા. આમાં આ ઘરાકોનોય બધો દોષ નથી બિચારાનો. આ દલાલોનોય દોષ છે. આ દલાલોનું પેટ ભરાતું જ નથી ને જગતનું ભરવા દેતા નથી. એટલે હું આ ઉઘાડું કરવા માગું છું. આ તો દલાલીઓમાં જ લહેરપાણી ને મોજ કર્યા કરે છે ને પોતપોતાની સેફસાઈડ જ ખોળી છે. આપણે દુઃખ ઊભું કરવા-કરાવવા આવ્યા નથી. આપણે તો સમજવાની જરૂર છે કે ખામી ક્યાં છે ? હવે દલાલો કેમ ઊભા રહ્યા છે ? કારણ કે ઘરાકી મજબૂત છે. એટલે ઘરાકી જો ના હોય તો દલાલો ક્યાં જાય ? જતા રહે. પણ ઘરાકીનો દોષ છે ને, મૂળ તો ! એટલે મૂળ દોષ તો આપણો જ છે. દલાલ ક્યાં સુધી ઊભા રહે ? ઘરાકી હોય ત્યાં સુધી. હમણે આ મકાનોના દલાલો ક્યાં સુધી હેડ-ફેડ (દોડધામ) કરશે ? મકાનોના ઘરાક હોય ત્યાં સુધી. નહીં તો બંધ !

જ્યાં ને ત્યાં વેપાર થઈ ગયો છે. જ્યાં પૈસાની લેવડ-દેવડ થઈ અને જ્યાં બીજું પેઠું, એ બધું વેપારી થઈ ગયું. એમાં સાંસારિક લાભ ઉઠાવવાની તૈયારી હોય. ભૌતિક લાભો, એ તો બધા વેપાર કહેવાય. બીજું કશું લેતા ના હોય ને માનની ઈચ્છા હોય તોય પણ એ લાભ કહેવાય, ત્યાં સુધી બધા વેપાર કહેવાય.

## ધ્યેય ચૂકાયો ને પેઠી ભીખ

(**પ્રશ્નકર્તા :** દાદા, આ સારા કામ કરવામાં પણ ભીખ પેસે ખરી ?)

**દાદાશ્રી :** એ તો પેટ ના ભરવાનું હોય તો કીર્તિ કાઢવી હોય. કીર્તિની ભીખ, લક્ષ્મીની ભીખ, માનની ભીખ ! છેવટે દેરાં બંધાવવાનીય ભીખ હોય. એટલે દેરાં બંધાવવામાં પડે ! કારણ કે કશો ધંધો ના જડે ત્યારે કીર્તિ માટે બધું કરે ! અરે, શેના હારુ દેરાં બાંધો છો ? હિન્દુસ્તાનમાં ક્યાં દેરાં નથી ? પણ આ તો દેરાં બંધાવવા હારુ પૈસા ભેગા કર કર કરે. ભગવાને કહ્યું હતું કે દેરાં બાંધનાર તો એના કર્મના ઉદય હશે તો બંધાવશે, તું શું કરવા આમાં પડે છે ?

હિન્દુસ્તાનનો મનુષ્યધર્મ ફક્ત દેરાં બાંધવા માટે નથી, મોક્ષે જવા માટે જ હિન્દુસ્તાનમાં જન્મ છે. એક અવતારી થવાય, એ બાજુનો ધ્યેય રાખીને કામ કરજે તો પચાસ અવતારે, સો અવતારે કે પાંચસો અવતારેય પણ ઉકેલ આવી જાય. બીજો ધ્યેય છોડી દો. પછી પૈણજે-કરજે, છોકરાંનો બાપ થજે, ડૉક્ટર થજે, બંગલા બંધાવજે, એનો સવાલ નથી, પણ ધ્યેય એક જગ્યાએ જ રાખ કે હિન્દુસ્તાનમાં જન્મ થયો છે તો મુક્તિને માટેનું સાધન કરી લેવું છે. આ એક ધ્યેય ઉપર આવી જાવ તો ઉકેલ આવે.

## સર્વ ભીખથી મુક્ત જ્ઞાની

કોઈ જાતની ભીખ નહીં હોવી જોઈએ. આમ ધર્માદા લખાવો, ફલાણું લખાવો એવી અનુમોદનામાં હાથ ઘાલવો ના જોઈએ. કરવું, કરાવવું ને અનુમોદવું ત્યાં ના હોય. અમે તો સર્વ ભીખથી મુક્ત થઈ ગયેલા છીએ. દેરાં બાંધવાનીય ભીખ નથી, કારણ કે અમારે આ જગતમાં કોઈ ચીજ જોઈતી નથી. અમે માનના ભિખારી નથી, કીર્તિના ભિખારી નથી, લક્ષ્મીના ભિખારી નથી, સોનાના ભિખારી નથી, શિષ્યોના ભિખારી નથી. અમને વિષયોના વિચાર ના આવે, લક્ષ્મીનો વિચાર ના આવે. વિચાર જ જ્યાં ઉત્પન્ન ના થાય, પછી ભીખ શેની રહે તે ?

આ બધા મનુષ્ય માત્રને કીર્તિની ભીખ હોય, માનની ભીખ હોય. આપણે પૂછીએ 'તમારામાં કેટલી ભીખ છે, એ તમને ખબર પડે ? તમને કોઈ પણ જાતની ભીખ ખરી ?' ત્યારે કહેશે, 'ના, ભીખ નહીં.' ઓહોહો ! હમણે અપમાન કરીએ તો ખબર પડી જાય કે માનની ભીખ છે કે નહીં તે !

વખતે સ્ત્રી સંબંધમાં બ્રહ્મચારી થયો હોય, લક્ષ્મી સંબંધીય ભીખ છોડી હોય, પણ આ બીજી બધી ભીખો હોય. કીર્તિની ભીખ હોય, શિષ્યની ભીખ હોય, નામની ભીખ હોય, બધી પાર વગરની ભીખો હોય ! શિષ્યનીય ભીખ ! કહેશે, 'મારે શિષ્ય નથી.' ત્યારે શાસ્ત્રોએ શું કહેલું ? જે ખોળ્યા વગર એની મેળે આવી પડે એ શિષ્ય !

## ભીખ મીટે તો 'જગત જેમ છે તેમ દેખાય'

સંપૂર્ણ ભીખ ગયા પછી જ આ જગત 'જેમ છે તેમ' દેખાય. મારામાં ભીખ હોય ત્યાં સુધી મને બીજા ભિખારા લાગે નહીં, પણ પોતાનામાં ભીખ ગઈ એટલે બધાય ભિખારા જ લાગે.

ભિખારાઓએ જ આ દુનિયા લૂંટી છે. જો એક જ માણસ ભીખ વગરનો હોત ને, તો જગતનું કલ્યાણ થઈ જાય ! જેની આ જગતમાં સર્વસ્વ પ્રકારની ભીખ ગઇ હોય, તેને આ જગતમાં તમામ સૂત્રો (સત્તા) હાથમાં આપવામાં આવે છે.

અત્યારે મારા હાથમાં સત્તા આવી ગઇ છે, કારણ કે મારી સર્વસ્વ ભીખ છૂટી ગઇ છે. જે જશના ભૂખ્યા ના હોય, તેના ઉપર દેવલોકો રાજી થાય તેમ છે. આખું જગત આપણી પર રાજી થાય તેમ છે, પણ આપણી ભૂખને લીધે રાજી નથી.ભીખ હોય ત્યાં ભગવાન હોય જ નહીં. ભીખ છૂટે ત્યારે વળી દહાડો વળે. જો ભીખ વગરનો માણસ હોય તો એની પાસે જે માગો તે પ્રાપ્ત થાય. એટલે આ તો ભીખ રહી છે તેને લીધે ભાંજગડ છે, પ્યૉરિટી રહી નથી.

## મોક્ષે જવા જોઈશે પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** (દાદા, આ) પ્યૉરિટી એટલે શું ?

**દાદાશ્રી :** કોઈ પરમાણુમાં રાગ ના હોય, દ્વેષ ના હોય. રાગ-દ્વેષ ના હોય, પ્યૉર હોય.

**પ્રશ્નકર્તા :** રાગનું એક પણ પરમાણુ ના હોય, બહુ જ મોટી વાત છે આ તો !

**દાદાશ્રી :** હા, એ એક પરમાણુ હોય તો તો પછી એ સમ્યક્ દૃષ્ટિ કેમ હોય ?

જો મોક્ષે જવું હોય તો ખોટી-ખરીના દ્વંદ્વ કાઢી નાખવા પડશે અને જો શુભમાં આવવું હોય તો ખોટી વસ્તુનો તિરસ્કાર કરો ને સારી વસ્તુનો રાગ કરો અને શુદ્ધમાં સારી-ખોટી બેઉ ઉપરેય રાગ-દ્વેષ નહીં. ખરેખર સારી-ખોટી છે જ નહીં. આ તો દૃષ્ટિની મલિનતા છે, તેથી આ સારી-ખોટી દેખાય છે અને દૃષ્ટિની મલિનતા એ જ મિથ્યાત્વ છે, દૃષ્ટિવિષ છે. (એ) દૃષ્ટિવિષ અમે (આત્મજ્ઞાન આપીને) કાઢી નાખીએ છીએ. રાગ-દ્વેષ રહિત તે શુદ્ધ જ્ઞાન કહેવાય.

(સાદી ભાષામાં કહીએ તો) તારા ઘરમાં તારા નામની બૂમ પડતી હોય તો તારામાં પ્યૉરિટી નથી તેમ તારે જાણવું. મોક્ષે જવું હોય તો પ્યૉરિટી જોઈશે. મન-વચન-કાયાથી કોઈને દુઃખ થાય તે જ ઈમ્પ્યૉરિટી (અશુદ્ધતા).

## જેટલી સ્વચ્છતા એટલી દુનિયા તમારી

(**પ્રશ્નકર્તા :** દાદા શું, આ પ્યૉરિટી એટલે જ અંદરની સ્વચ્છતા ?)

**દાદાશ્રી :** સ્વચ્છતા એટલે જેને આ દુનિયાની કોઈ ચીજની જરૂર ના હોય, ભિખારીપણું જ ના હોય ! આ દુનિયામાં જેટલી સ્વચ્છતા એટલી દુનિયા તમારી ! તમે માલિક આ દુનિયાના ! હું આ દેહનો માલિક છવ્વીસ વર્ષથી થયો નથી, તેથી અમારી સ્વચ્છતા પૂરેપૂરી હોય ! માટે સ્વચ્છ થાવ, સ્વચ્છ !

## મહીં ચોખ્ખું એ જ પ્યૉરિટીની શરૂઆત

**પ્રશ્નકર્તા :** દાદા, પ્યૉરિટીની શરૂઆત કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** આ શરૂઆત જ છે ને ! આ તમને આપ્તપુત્રોને બધું શરૂઆત જ છે ને ! તમને પોતાને લાગે કે પ્યૉરિટી થાય છે ?

**પ્રશ્નકર્તા :** થાય છે, એવું લાગે. દાદા, આપ્તપુત્રોને અત્યારે આંતરિક પ્યૉરિટી કહેવાય ને કે બાહ્ય પણ ખરી ?

**દાદાશ્રી :** આંતર પ્યૉરિટી તે જ બાહ્ય પ્યૉરિટી લાવે, અંતરમાંથી જ બહાર આવે. બહાર બગડી ગયું હોય તો ભલે બગડી ગયું, પણ મહીં ના બગડવા દઈશ. દેવું (પાછું) આપવાની સગવડ ના હોય ત્યારે મહીં ચોખ્ખું રાખવું કે આપવું જ છે. તે મહીંનું બગડવા ના દીધું એટલે દેવું પાછું આપવાનો સમય આવશે. આપણે ચોખ્ખા થઈ જવું જોઈએ. આપણે ચોખ્ખા થયા તો બધું ચોખ્ખું થયા વગર રહેતું નથી.

## ચોખ્ખી દાનત ત્યાં લાઈન ક્લિઅર

**પ્રશ્નકર્તા :** ચોખ્ખી દાનત એટલે શું અને ચોખ્ખી દાનત નહીં એટલે શું ?

**દાદાશ્રી :** દાનત ચોખ્ખી હોય તો આ દુનિયામાં કોઈ કામ શ્રેય થયા વગર રહે નહીં. દાનત ચોખ્ખી હોય તો સંસારી કામ પૂર્ણ થાય ને અધ્યાત્મનું કામ પણ પૂર્ણ થાય. દાનત સારી, એ બધું ક્લિઅર રેલ્વે લાઈન ! અને દાનત ચોખ્ખી નહીં, એનું ઠેકાણું જ ના પડે. એ ગાડી કયે ગામ જશે એ કહેવાય જ નહીં ! દાનત ચોખ્ખી ના હોય તો ભલીવાર જ ના આવે.

દાનત ચોખ્ખી એટલે કમ્પ્લિટ મોરાલિટી-સિન્સિયારિટી સહિત. એની વાત જ જુદી ને ! દાનત ચોખ્ખી હોય તો આ દુનિયામાં કોઈ ચીજ અઘરી નથી.

## સિન્સિયારિટીથી શરૂ થાય પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** એટલે દાદા પ્રત્યે જેટલી સિન્સિયારિટી એનું પરિણામ પ્યૉરિટી આવે ?

**દાદાશ્રી :** સિન્સિયર એટલે તન-મન-વચને સાચા. અને તે પાછા ગુરુને સિન્સિયર જ હોય. ગુરુ વઢે તોય સિન્સિયારિટી આઘીપાછી ના થાય. તો એ મોક્ષે જ જાય.

સિન્સિયર એટલે તો અંતઃકરણની કેવી એકતા જોઈએ ? જેને દિલથી કહીએ છીએ ને ! દિલ એટલે અંતઃકરણની એકતા ! પછી મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર એક બાજુ જ હોય, બીજો વિરોધાભાસ ના હોય. કોઈ ના જાણતું હોય છતાં તું દુનિયાને માટે સારું કરતો હોય તોય લોક જાણી જાય. એ દુનિયાનો એક નિયમ છે, મોટામાં મોટો. સામો દગો કરે તોય તારે સિન્સિયર રહેવું એ તરવાની ચાવી !

આ મોરલ એટલે કોઈના માટે સહેજ પણ મન બગડે નહીં. ઈન્દ્રિય વિષયોમાં કે ક્રોધ-માન-માયા-લોભથી કશામાંય મન સહેજેય બગડે નહીં એ મોરલ.

હું તમને 'તમે આમ કરો, સારું કરો કે આમ થાવ.' 'મોરલ થાવ' એમ નથી કહેતો. હું તો 'મોરલ કેમ થવાય' તે રસ્તો બતાવું છું, જ્યારે લોકોએ શું કરેલું ? 'આ રકમ અને આ જવાબ.' અલ્યા, રીત શીખવાડ ને ! રકમ ને જવાબ તો ચોપડીમાં લખેલાં જ છે પણ એની રીત શીખવાડ ને ! પણ રીત શીખવાડનારો કોઈ નીકળ્યો નથી. રીત શીખવાડનારો નીકળ્યો હોત તો આ દશા હિન્દુસ્તાનની હોત નહીં.

આપણો આ સત્સંગ દિલથી થાય ને તોય બહુ થઈ ગયું. જ્ઞાની પુરુષ પાસે તો જેટલી આપણી સિન્સિયારિટી એટલું આપણું સ્વરૂપ પ્રગટ થઈ જાય. પ્યૉરને સંભારીએ તો પ્યૉર થાય અને ઈમ્પ્યૉરને સંભારીએ તો ઈમ્પ્યૉર થાય. જેની ભજના કરે ને, તે રૂપ થતું જાય.

## પરિવર્તન દિસે તો હૃદયમાં પેસે

**પ્રશ્નકર્તા :** આપણી પ્યૉરિટી કેટલા પ્રમાણમાં હોય, એ કેવી રીતના ખબર પડે ?

**દાદાશ્રી :** આ બધું પોતાને ખબર છે. જેમ જેમ ઊંડો ઊતરતો જાય તેમ બધું ખબર પડે. પહેલું તો આંખે દેખાય એટલો ભાગ દેખાય. પછી આગળ ઊંડા ઊતરે એટલે પછી આગળ દેખાતું જાય. બાકી બધી પ્યૉરિટી ખબર છે, બધુંય ભાન છે.

**પ્રશ્નકર્તા :** અમારે મહાત્માઓને કેટલી પ્યૉરિટી કહેવાય ?

**દાદાશ્રી :** આ તો પ્યૉરિટી જ છે, આ તો પ્યૉર જ છે. નહીં તો શુદ્ધાત્મા યાદ જ ના રહે, નહીં તો સ્મરણ કરવું પડે. સ્મરણ કરેલું વિસ્મરણ થાય અને આ વિસ્મરણ થાય જ નહીં, યાદ જ આવે. એ જેટલી પ્યૉરિટી એટલું યાદ.

અને જે માણસ (જ્ઞાની) પોતે પ્યૉર રહે એ લોકોના હૃદયમાં બેસી જાય, યાદ જ રહ્યા કરે. એનાથી એનું (યાદ કરનારનું) રક્ષણ રહ્યા કરે. (લોકોને એ પ્યૉર જ્ઞાની) નિરંતર યાદ રહ્યા કરે એ પ્યૉરિટી-ટ્રાન્સપરન્ટના આધારે. (તેના આધારે જ્ઞાનીની) પુદ્‌ગલ શક્તિ ટ્રાન્સપરન્ટ (પારદર્શક) બને.

**પ્રશ્નકર્તા :** પેલું સામાના હૃદયમાં પેસી જાય એટલે એના હૃદયનું પરિવર્તન લાવે ?

**દાદાશ્રી :** પોતાનું પરિવર્તન તો આવેલું હોય

ત્યારે જ તો પેસે ત્યાં. સામાને યાદ રહે ક્યારે? પોતાનું પરિવર્તન થાય ત્યારે.

## અનુભવાય આમ જ્ઞાનીની પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષની પ્યૉરિટી, નિર્મળતા કેવી રીતે અનુભવાય ?

**દાદાશ્રી :** સુગંધી જ ઓળખાય એવી હોય. એમનું વાતાવરણ ઓર જાતનું હોય ! એમની વાણી ઓર જાતની હોય ! એમના શબ્દો ઉપરથી ખબર પડી જાય. અરે, એમની આંખ જોઈને જ ખબર પડી જાય. બાકી, જ્ઞાની પાસે તો બહુ ખાતરી હોય, જબરજસ્ત ખાતરી ! અને એમનો શબ્દેશબ્દ શાસ્ત્રરૂપે હોય, જો સમજણ પડે તો. એમના વાણી-વર્તન ને વિનય મનોહર હોય, મનનું હરણ કરે એવા હોય. એટલે બધા બહુ લક્ષણો હોય.

જ્ઞાની પુરુષ તો હજારો વર્ષે એકાદ પાકે. શાસ્ત્રના જ્ઞાનીઓ ઘણાં બધા છે, પણ આત્માના જ્ઞાનીઓ નથી. જે આત્માના જ્ઞાની હોય ને, તે તો પરમ સુખી હોય અને એમને દુઃખ કિંચિત્‌માત્ર હોય નહીં. એટલે ત્યાં આગળ આપણું કલ્યાણ થાય. જે પોતે પોતાનું કલ્યાણ કરીને બેઠા હોય, તે આપણું કલ્યાણ કરે. પોતે તર્યા, તે આપણને તારે. નહીં તો પોતે ડૂબકાં ખાતો હોય, તે ક્યારેય બીજાને તારે નહીં.

જેને કંઈ જોઈતું હોય તે ડખો કરે. માન-તાન જોઈતું હોય (કે) (જેનામાં) ક્રોધ, લોભ, મોહ હોય તો તેના તરફ ઉછાળો ના આવે. અમારે કશું જોઈએ જ નહીં. તમને સુધારી આપીએ પણ બીજું કશું અમે ડખો કરવા આવ્યા નથી. જ્ઞાની કોને કહેવાય કે સંસારી પ્રવૃત્તિ એમનામાં ના હોય, ક્રોધ-માન-માયા-લોભ ના હોય. વીતરાગ થયા હોય તે 'જ્ઞાની' કહેવાય.

અમારી આંખોમાં બીજો કશો ભાવ ના દેખાય. એટલે લોકો દર્શન કરે. કોઇ પણ જાતનો ખરાબ ભાવ આંખોમાં ના વંચાવો જોઇએ. ત્યારે એ આંખોને જોતાં જ સમાધિ થાય ! ટ્રાન્સપરન્ટ કોઈ માણસ હોઈ શકે નહીં. એ જ્ઞાની પુરુષ એકલા જ ટ્રાન્સપરન્ટ હોય.

**પ્રશ્નકર્તા :** એ (ટ્રાન્સપરન્ટ) એકદમ ના થાય, દાદા ?

**દાદાશ્રી :** એકદમ તો કોઈને થાય જ નહીં ને ! (એ તો) પ્યૉર થતો દેખે ત્યારે એની ઉપર કૃપા ઉતરે. તમારે પ્યૉર થતું જ જવાનું. અમારું મન પ્યૉર છે, બુદ્ધિ પ્યૉર છે, અહંકાર પ્યૉર છે. અમે પ્યૉરિટીની ટોચ ઉપર બેઠેલા છીએ. (તમારે પણ) પ્યૉર તો થવું પડશે ને?

## પારકા માટે હોમાય ત્યાં પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** પ્યૉરિટી ક્યારે માલુમ પડે ?

**દાદાશ્રી :** સર્કલ (સંસારી અવસ્થાઓ)ની બહાર ઊભું રહેલું છે પ્યૉર ચેતન, તેની હાજરીથી ચાલે છે. એ 'પ્યૉરીટી' આપણને ક્યારે માલુમ પડે? ત્યારે કહે, 'બધા સર્કલને ઓળખે ત્યારે, સર્કલમાં મારાપણું ના કરે એટલે પ્યૉર થઈ જાય !'

હવે દેહને આપણે કહેવું, 'તારે જવું હોય તો જા, અમે અમારા મુકામમાં રહીશું.' એની બહુ હાયવોય ના કરવી. અનંત અવતારથી દેહની સુવાવડ (દેખભાળ) જ કર કર કરી છે. એક અવતાર જ્ઞાની પુરુષને દેહ સોંપી દે અને સુવાવડ ના કરે તો થઈ ગયું, ચોખ્ખું થઈ ગયું. અમે તો આ દેહની એક ક્ષણવાર સુવાવડ કરી નથી. એક ક્ષણવાર આ દેહ અમારો છે, એવું અમને ખબર નથી. આ જ્ઞાન પ્રગટ થયા પછી અમારું છે નહીં, એ પારકી વસ્તુ છે. એ પારકી વસ્તુ આપણા હાથમાં રહે નહીં ને આપણે જોઈતીય નથી. પોતાની વસ્તુ એ પોતાની, પારકી એ પારકી.

પોતાના સુખનું નહીં, પણ સામાની અડચણ કેમ કરીને દૂર થાય તે જ રહ્યા કરે, ત્યાંથી કારુણ્યતાની શરૂઆત થાય. અમને નાનપણથી જ સામાની અડચણ દૂર કરવાની પડેલી. પોતાના માટે વિચારેય ના આવે તે કારુણ્યતા કહેવાય. તેનાથી જ 'જ્ઞાન' પ્રગટ થાય.

## પ્યૉરિટીની સુગંધી નાનપણથી ઝળકે

હું તો નાનપણથી એક જ શીખેલો કે 'ભઈ, તું મને મળ્યો છે ને જો તને કંઈ પણ સુખ ના થાય તો મારું તને મળેલું ખોટું (નકામું) છે.' એવું હું કહેતો હતો એને! એ ગમે એટલો નાલાયક હોય, તે મારે જોવાનું નથી પણ હું તને ભેગો થયો અને જો કદી મારા તરફની સુગંધી ના આવી તે કેમ ચાલે? આ અગરબત્તી નાલાયકોને સુગંધી આપે કે ના આપે?

**પ્રશ્નકર્તા :** બધાંયને આપે.

**દાદાશ્રી :** એવી રીતે મારી સુગંધી જો તને ના આવી તો પછી મારી સુગંધી જ ના કહેવાય. એટલે કંઈક લાભ થવો જ જોઈએ, એવો નિયમ મારો પહેલેથી છે.(દાદા ભગવાન,૩૧)

મેં શું નક્કી કર્યું હોય કે 'જે સુખ હું પામ્યો છું એવું સુખ બીજા પામો.' એ તો મને ગરજ પડી છે કે આ લોકો સુખને પામે, મોક્ષે જાય. મારી પોતાની જાત, અંગત માટે નહીં, તમારા માટે.

મારો હેતુ શો છે કે જે સુખ પામ્યો છું તે સુખ તમે પામો. મારો હેતુ પૂરો થઈ ગયો, બસ થઈ ગયું!

આ 'દાદા' તો 'જ્ઞાની પુરુષ', એમની દુકાન કેવી ચાલે ! આખો દિવસ આ 'દાદા'ની સુખની દુકાન, તેમાં કોઈએ ઢેખાળો નાખ્યો હોય તોયે પાછા એને ગુલાબજાંબુ ખવડાવીએ. સામાને ઓછી ખબર છે કે આ સુખની દુકાન છે.

આ હોટેલમાં (શરીરથી) કોઈનેય દુઃખ આપવાનું નહીં, એ અમારો ધંધો ! એટલે માંકણનેય અમે જમાડ્યા છે. હવે ના જમાડીએ તો એમાં કંઈ આપણને સરકાર દંડ કરવાની છે? ના, અમને તો આત્મા પ્રાપ્ત કરવો હતો. એ માટે બધું કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું! ને ત્યારે જો આખું 'અક્રમ વિજ્ઞાન' પ્રગટ થયું! જે આખી દુનિયાને સ્વચ્છ કરી નાખે, એવું આ વિજ્ઞાન પ્રગટ થયું છે !

## પ્યૉર દૃષ્ટિ બનાવે સુપર હ્યુમન

(એક વાર) એવું બનેલું, એક જણને ત્યાં રાત્રે સિનેમા છૂટે, તે હું રાત્રે બાર વાગે ગયો. એટલે પેલા ભાઈના મનમાં એમ થયું કે કોઈ દહાડો આ રાત્રે બાર વાગે આવે નહીં ને આજે આવ્યા છે, તે કશું પૈસા-બૈસા જોઈતા હશે ? એટલે એણે બીજો ભાવ કર્યો. તમને સમજાય છે ને ? મારે કશું જોઈતું નહોતું (પણ) પેલાની દૃષ્ટિ મને બદલાયેલી લાગી. રોજ (જે) દૃષ્ટિ હતી, તે આજે આ દૃષ્ટિ બગડી છે. એટલે હું સમજ્યો, ઘેર જઈને વિશ્લેષણ કર્યું. મને લાગ્યું કે આ જગતનાં મનુષ્યને દૃષ્ટિ બગાડતાં વાર નહીં લાગે. માટે આપણી જોડે રહે છે તેને, આ લોકોને એક એવું નિર્ભય પદ આપો કે એમને પછી દૃષ્ટિ જ બગડે નહીં. એટલે મેં કહ્યું કે 'તમારે કોઈએ મારું કામ કરવું જ નહીં. એટલે મારો ભો તમને ના હોવો જોઈએ કે આ કશું લેવા આવ્યા હશે ? ત્યારે કહે, 'એમ કેમ ?' મેં કહ્યું કે 'હું બે હાથવાળા પાસે કશું માંગતો જ નથી. કારણ કે બે હાથવાળા પોતે જ દુઃખી છે અને એ કંઈક ખોળે છે. એની પાસે હું આશા રાખતો નથી, પણ તમે મારી પાસે આશા રાખજો. કારણ કે તમે તો ખોળો છો અને તમને છૂટ છે. મારી પાસે તમારું કામ કરાવી જજો, પણ મારું કામ કોઈ કરશો નહીં.' એમ કહી દીધું. એટલે એમને નિર્ભય બનાવ્યા હતા. ત્યારે એ લોકોએ શું કહ્યું કે 'સુપર હ્યુમન (અતિમાનવ) સિવાય આવું કોઈ બોલી શકે નહીં!' એટલે શું કહ્યું

કે આ સુપર હ્યુમનનો સ્વભાવ હોય, હ્યુમન(માણસ)નો નેચર નહીં !

### લાલચ ના પેસે તેની ચોકસાઈ

(**પ્રશ્નકર્તા :**) ૧૯૬૮માં તમોને સિમેન્ટ ફ્લોર ઉપર ફક્ત શેતરંજી ઉપર જ સૂતેલા જોયા. ત્યારે નટુભાઈ એ સજેસ્ટ(સૂચન) કર્યું કે ''દાદા શેતરંજી ઉપર બ્લેન્કેટ (ધાબળો) નાખીને સૂવાનું રાખો.'' તે દાદાને મારી વાત ગમી. એટલે ઘરેથી ઈમ્પોર્ટેડ બ્લેન્કેટ લઈ ગયો (ને) દાદાને આપ્યો. તેમને ગમ્યો કે તરત જ ઓટીમાંથી સો રૂપિયાની નોટ કાઢીને આપી. તે મેં કહ્યું, ''દાદા, આના તે કંઈ પૈસા લેવાતા હશે !'' તો દાદા કહે કે 'પૈસા ના લેવા હોય તો બ્લેન્કેટ પાછું લઈ જાવ. અમારાથી કોઈ ચીજ મફત એમને એમ ના લેવાય.'

**દાદાશ્રી :** ગમે ત્યારે પણ લાલચ તો ના જ થવી જોઈએ, તેવું થવું પડશે. અંદરથી સજ્જડ જ્ઞાનમાં રહેવું જોઈએ કે લાલચ તો કોઈ પણ બાબતની હોવી ના જોઈએ.

### વેપાર ને વ્યવહારમાંય લક્ષ્મીની પ્યૉરિટી

આ કપડાં પહેર્યા છે તે કોન્ટ્રાક્ટનો ધંધો કરતો'તો, તેના નફાના આ બધા. કોઈની એક પઈ લેવાની નહીં અને કોન્ટ્રાક્ટનો ધંધો કરેલો, એનું બધું જે છે, એ સ્ટોક છે તેમાંથી આ વાપર્યા અને એમાં હું હાથ ઘાલતો નથી એટલે. નહીં તો હું લોકોનું ખઉં, હું લોકોના પૈસા લઉં અને લોકોના કપડાં પહેરું, લોકોની ગાડીઓ ફેરવું તો તો પછી જ્ઞાન વખતે કાચું પડી જાય. મારે તો કશું જોઈતું નથી. આ દેહ જ મારો નથી ત્યાં હું બાંધું ક્યાં ?

વેપારમાં ધરમ હોવો જોઈએ, પણ ધરમમાં વેપાર ના હોવો જોઈએ. પૈસા-બૈસા ના હોવા જોઈએ. આ કંઈ ડ્રામા નથી કે એના પૈસા લેવાના હોય, ટિકિટના. હા, કેટલાક માણસો હોય એના મેન્ટેનન્સ (ભરણ-પોષણ) પૂરતું જરૂર હોય, તો એને આપણે આપવાનો વાંધો નથી.

(મને) કોઈ ચીજ તું આપવા જાઉંને, હું લેવા નવરો નથી. કારણ કે હું યાચકેય નથી. મને ભિખારીપણું નથી. મને કોઈ ચીજની ભીખ હોય તો ભિખારીપણું હોય ને ! અને ભિખારીપણાનો એવો ઈગોઈઝમેય નથી કે મને ભિખારીપણું (નથી ને) આ બધા છે ભિખારી. ના, એવુંય નથી. પણ શેના માટે હોય ? અને આ બધું સુખ ખોળે છે. એ મારું જે સુખ છે ને, એ આખા બ્રહ્માંડનું અલૌકિક સુખ છે. કોઈ દા'ડો ખૂટે જ નહીં અને ઊલટું ઊભરાયા કરે ને, તે જોડે બેઠો હોય તેય સુખિયો થઈ જાય. એવું ઊભરાયા કરે સુખ.

અમારું મન પ્યૉર છે એનું શું કારણ છે કે આ દેહનો માલિક રહ્યો નથી, અઠ્યાવીસ વર્ષથી.

### સંસારની તલવારો વચ્ચે પ્યૉર વીતરાગતા

ધંધો-વેપાર કરીએ, 'ઇન્કમટેક્ષ'-'સેલટેક્ષ' બધું ભરીએ, સંસારની સેંકડો તલવારો નીચે પણ વીતરાગતામાં રહીએ. (અમારા) હાથ કાપી નાખે તોય વીતરાગતા રહે.

એટલે આ પૂર્ણ પ્રગટ થયું છે. સંસારની સર્વસ્વ ક્રિયા થઈ શકે અને આત્માની સર્વસ્વ ક્રિયા થઈ શકે, બંને પોતપોતાની ક્રિયામાં રહે, સંપૂર્ણ વીતરાગતામાં રહીને, એવું આ અક્રમ વિજ્ઞાન છે !

જુઓ ને, કોઈની જોડે મતભેદ કે કશી ભાંજગડ છે અમારે ? સામો અવળું બોલે તોય કશી ભાંજગડ છે ? અમને આવડે એની જોડે કેવી રીતે 'ડિલિંગ' (વર્તન) કરવું તે ! વીતરાગ રહેવું અને 'ડિલિંગ' કરવું, બેઉ સાથે રાખવું. 'ડિલિંગ' પુદ્‌ગલ કરે અને અમારે વીતરાગ રહેવાનું. એટલે વીતરાગતા જોવાની મળી આ કાળમાં, જો સમજે તો ! ઊંડા ઊતરે ને, તો 'પ્યૉર' વીતરાગતા જોવાની મળે.

## પ્યૉરના સથવારે થવાય પ્યૉર

મારામાં વીતરાગતા હોય તે તમે એક ફેરો જુઓ ને, તો પછી તમારેય થાય. કારણ કે હું તમને કરી બતાવું છું, માટે તમને એડજસ્ટ થઈ જાય. એટલે હું પ્યૉર હોઉં તો જ માણસ પ્યૉર થઈ શકે. એટલે પ્યૉરિટી કમ્પ્લિટ હોવી જોઈએ.

બાકી વીતરાગો એટલે બહુ ડાહ્યા માણસો. મોક્ષનો માર્ગ સરળમાં સરળ, સહેલામાં સહેલો વીતરાગો આપીને ગયા. બીજા બધાએ મોક્ષનો માર્ગ ગૂંચવી ગૂંચવીને ભુલભુલામણી રૂપે મૂક્યો છે. તે ભુલભુલામણી કેવી ? કે એક ફેરો મહીં પેઠો તો ફરી નીકળે નહીં. એમાંથી છટકાય એવું છે નહીં. વીતરાગના માર્ગમાં આટલીય પોલ નથી રાખી. કારણ કે વીતરાગો તો બહુ જ ચોખ્ખા; જેને કંઇ જ જોઇતું નહોતું, જેનામાં પ્રપંચ નહોતો, જેનામાં રાગ નહોતો, જેને કોઇપણ પ્રકારની ઇચ્છા જ નહોતી, એવા વીતરાગ હતા !

## ઘરસંસારે હીરાબા-દાદાની પ્યૉરિટી

એક ભાઈએ હીરાબાને પૂછ્યું, 'દાદાનો સ્વભાવ બહુ સારો ! પહેલેથી જ આવો ?' ત્યારે એમણે કહ્યું કે 'પહેલાં તો તીખા ભમરા જેવા હતા. હમણે આવા થયા.' એ એમણે જોયેલું જાય નહીં ને ! અમે ફિલમ બદલ્યા કરીએ ને પાછલી ફિલમ કાઢીએ (સંભારીએ) નહીં. જ્યારે એ તો પાછલી ફિલમ હઉ દેખાડે. અમે તો આ ચાલુ ફિલમ હોય એ દેખાડીએ.

છતાં એમને દુઃખ થાય એવું નહીં કરવાનું. કારણ કે સહેજ એ થાય તોય એમને દુઃખ થઈ જાય છે, કારણ કે પ્યૉરિટીને બધી. સહજ ભાવે જે આવે એ બોલવાનું ને ! ડખોડખલ નહીં કે કોઈની શરમ-બરમ રાખે નહીં.

પેલો ડૉક્ટર બિચારો હીરાબાનું ઓનરરી (સેવાભાવથી) કામ કરતો હતો. તોય એને કહેશે કે 'આ તો તીખો લહાય જેવો છે.' મેં કહ્યું, 'આવું ના બોલાય આપણાથી.' એ સહજ ભાવે બોલ્યા'તા, એટલે પેલો હસે. આમ સહજતાથી બોલે એટલે પેલાને ખોટું ના લાગે. મહીં કશું પાપ નહીં, પ્યૉરિટી બધી.

હીરાબા ચોખ્ખું બોલે. 'મારે ને તારે નહીં ફાવે' એવુંય કહી દે. સ્વાર્થની ભાંજગડ નહીં કે આ મારી સેવા કરે છે. એવું તેવું કશું નહીં. મારી જોડેય ચોખ્ખું બોલે.

**પ્રશ્નકર્તા :** એમની સાથે બહુ કરપ રાખેલો ?

**દાદાશ્રી :** કરપ તો રાખેલો ને. કરપ રાખ્યા વગર તો એવું છે ને, આ તો સ્ત્રીજાતિ કહેવાય. કરપ તો રાખવો પડે ને લાગણીઓય રાખવી પડે, બેઉ સાથે રાખવું પડે. છતાં અમને તો એ 'બહુ વહમા, તીખા ભમરા જેવા છો' કહે. હવે એ એમ કોઈ દહાડો ના જાણે કે આ તીખાપણું નથી આમનામાં (દાદામાં). એ એમને એમ જ બનાવટ રાખેલી. દાબેદાબ પોટલી ઊઘાડીને દેખાડીએ ત્યારે ને ! થોડું વજન જોઈએ. બાકી હું બહુ કડક, પેલો તાપ લાગ્યા કરે. ગરમ ના થઉં, એમને એમ તાપ લાગ્યા કરે. તે કડક ના હોય તો ચાલે શી રીતે ? કારણ કે અમારે પ્રતાપ અને સૌમ્યતા બન્ને હોય.

બાકી કોઈની જોડે ઊંચા શ્વાસે અમે ચાલીસ વર્ષથી નહીં રહેલા. કોઈની જોડે ઊંચો અવાજ નહીં કરેલો. એ તો લોકો બધાય જાણે. કહેય ખરાં કે 'એ તો ભગવાન જેવા છે.' એટલે એક આંખમાં ધમક રાખવાની અને એક આંખમાં ફ્રેન્ડશીપ (મિત્રતા) રાખવાની.

## માલિકી સોંપી હીરાબાને, કલ્યાણ કાજે

મને હવે ૭૬મું બેસશે. હવે આ ઊજવણી કરે છે અને ઘેર હીરાબાય છે, તે મારા કરતાં ત્રણ

વર્ષ નાના, ૭૩ વર્ષના છે. અમે બે જણ (પણ) બધી માલિકી એમની, માલિકી મારી નહીં. ઘર-બાર એ બધું એમનું, જે કંઈ મિલકત હોય એ બધી એમની. પછી મારે પેટી ક્યાં મૂકવાની ? એ તો એ મૂકવા દે તો મૂકું. અને પેટીયે મેં તો ચાર વર્ષથી જોઈ નથી, મહીં શું કપડાં છે તેય. એય એમની માલિકી છે.

કારણ કે દેહની જ માલિકી મારી પાસે નથી તો પછી ! માલિકી છૂટે તો કલ્યાણ થઈ જાય ! એટલે આમ ચોખ્ખું ખાતું છે બધું.

## સંઘમાંય રોપ્યા પ્યૉરિટીના બીજ

આ સંઘ એટલો બધો ચોખ્ખો છે કે એમાં હું તો મારા ઘરનાં કપડાં-ધોતિયાં પહેરું છું, મારી પોતાની કમાણીના જ પૈસામાંથી. તેથી આવો ફરું છું. સંઘના પહેરતો હોત તો ધોતિયાં ચારસો-ચારસોના મળે ને ? (પણ ના,) આ બધું ઘરના કપડાં પહેરવાના, પ્લેનમાં આવવા-જવાનુંય ઘરનું. અહીંથી વડોદરા જઈએ-આવીએ બધું પોતાના ખર્ચે, બધું ઘરના પૈસે. ફક્ત અમેરિકા જઈએ છીએ એટલું એ લોકો આપે છે, એટલું લઈએ છીએ ભાડું. બીજું કંઈ રૂમાલેય નહીં. એટલે આ સંઘના ચાર આનાય (લેવાના નહીં.)

અડચણવાળો લેવા આવે. (જ્યારે મારે) વ્યવહારમાં અડચણ નથી અને અંદર તો પાર વગરનું સુખ વર્તતું હોય ! શેને માટે પૈસા ? આ સંઘ ફક્ત પૈસા એટલા જ માટે લે છે, કે આ પુસ્તકો જે છાપીને આપવાના, તેના પૈસા.

**પ્રશ્નકર્તા :** પૈસા લો તો જ્ઞાન ઊતરે જ નહીં કંઈ !

**દાદાશ્રી :** ઊતરે જ નહીં. એટલે અમે જાણીએ કે પૈસા, ફી લીધી, એટલે પછી રહ્યું શું ? નાટક જ થઈ ગયું ! જેની ફી લીધી, અગર ટિકિટ લીધી એટલે નાટક થયું, સિનેમા થઈ ગયું અને આ તો ભગવાનના ઘરની છેલ્લા સ્ટેશનની વાત.

આખો સંઘ છે, દાદા ભગવાન ટ્રસ્ટ મોટું ચાલે છે પણ તેનો કોઈ પૈસો આમાં (વ્યક્તિગત) વપરાય નહીં, એક પઈએય. સંઘપતિઓ કોઈની(ય માટે) પઈ વપરાય નહીં. ઊલટાં એ બાર મહિને લાખ રૂપિયા આપે તે જુદા અને પાછા હિસાબ પોતે જાતે કરે. (પણ) ચાર આનાય એ સંઘનો ખર્ચ પોતાના માટે નહીં પાડવાનો. બધું પોતાના ખર્ચે, ત્યારે જ આટલું ચોખ્ખું રહે ને ! આવો ચોખ્ખો સંઘ એ વર્લ્ડની અજાયબી કહેવાય !

**પ્રશ્નકર્તા :** બધાનો ખર્ચો પોતપોતાનો છતાં આટલું બધું કામ થઇ રહ્યું છે !

**દાદાશ્રી :** વધારે કામ કરે છે ઊલટાં. પોતાનો ખર્ચો કરીને ખૂબ કામ કરે છે.

## ડાઘ નહીં ત્યાં જ શુદ્ધ વાણી

અમેરિકામાં મને એક જણ કહે છે, અમારી પેલી મર્સિડિઝ ગાડી (ત્યાં ભારત) લઈ જાવ. તમને મહીં એ ધૂળ ના પેસે.

મારે આ પેટી મેલવાનું ઠેકાણું નથી ને આ ગાડી લઈ જઉં તો હું ક્યાં મૂકું ? મારે નથી પ્લોટ કે નથી કોઈ જગ્યા. હું આ પેટીને (ગાડીને) ક્યાં મૂકું તે ? મેં કહ્યું, 'ભાઈ ગાડી મારે નથી જોઈતી. વળગાડશો નહીં આ ભૂતાં ! મારું કામ નહીં આ તો. અમે તો જેની ગાડી ચાલુ હશે, ત્યાં બેસી જઈશું. આ ઉપાધિ ક્યાં વળગાડું હું ? હું મુક્ત થયેલો પુરુષ, ફરી આ બંધનમાં ક્યાં પેસું તે ?'

(હું ક્યાં બંધાવું ?) તમારે તો અહીં બાંધવાના સાધન છે. હું લફરું ક્યાં વધારું ? મારે હતા તે લફરાય મેં કાઢી નાખ્યા. તો આવા લફરા હું ક્યાં વધારું ? એટલે 'મારે ના જોઈએ' કહ્યું. અમારે તો મુંબઈમાં પહોંચ્યું એટલે પચાસ-સો ગાડીઓ

ત્યાં એરપોર્ટ પર લેવા આવી હોય. મારે જેની અનુકુળ આવે ત્યાં બેસી જાઉં. મારે આ લફરાનું શું કામ છે તે ? ને મારે ગાડીની યે જરૂર નહીં. ભાડાની ગાડીમાં આવું, નહીં તો હું તો બસમાંયે આવું એવો છું હજુય. આ ઉંમર થઈ એટલે ના પહોંચી વળાય, પણ અમને તો બધું સાધન જોઈએ તે મળી આવે.

ગાડી રાખીને પછી મારે એના સ્પેરપાર્ટ્સ ક્યાં લેવા જવાના ? તે એની મહીં મારો આત્મા જ હોય. મારે શું કરવી છે ગાડી ? આખા બ્રહ્માંડની ગાડીઓ મારી પાસે છે અત્યારે. જેને ભગવાન જ વશ થઈ ગયેલા છે, 'દાદા ભગવાન' જેને વશ થઈ ગયેલા છે, એને બીજું શું જોઈએ ? સોનું-રૂપું જોઈએ છે ત્યાં સુધી ભીખ છે, એ ભિખારો કહેવાય.

દાદાએ એક પઈ પણ કોઈ જગ્યાએ લીધી છે એવું કોઈ માણસ હિસાબ ખોળી કાઢે નહીં. પાછા બધા ભેગા થઈને પચાસ હજારની ગાડી લેવાનું કહેતા'તા. લોકો તો એમ કહે ને કે 'દાદાએ વાપરી ને લીધી.' મારે એવું ના જોઈએ. ડાઘ પડે એ જોઈએ જ નહીં ને ! અને ડાઘ નહીં પડે ત્યાં સુધી આ વાણી નીકળશે ફર્સ્ટ ક્લાસ. મારા ઘરના વેપાર ધંધાનું ખઈને હું બોલ્યો છું. જેની આ ચોખ્ખી વાણી છે ને બધી વાત જ તેની છે.

## પ્યૉરિટીમાં માન્યું સાચું સુખ

મને તો લોકો જોઈએ એટલા પૈસા આપે, પણ મારે પૈસાને શું કરવાના ? કારણ કે એ બધી ભીખ ગયા પછી તો મને આ જ્ઞાનીનું પદ મળ્યું !

મને અમેરિકામાં ગુરુપૂર્ણિમાને દહાડે સોનાની ચેઈન પહેરાવી જતા હતા, બબ્બે-ત્રણ ત્રણ તોલાની ! પણ હું પાછી આપી દેતો હતો બધાને, કારણ કે મારે શું કરવી છે ? ત્યારે એક બેન રડવા માંડી કે 'મારી માળા તો લેવી પડશે.' ત્યારે મેં એને કહ્યું, 'હું તને એક માળા પહેરાવું તો તું પહેરીશ ?' તો એ બેન કહે છે, 'મને કંઈ વાંધો નથી પણ તમારું મારાથી ના લેવાય.' ત્યારે મેં કહ્યું, 'હું તને બીજા પાસેથી પહેરાવડાવું.' એક મણ સોનાની માળા કરાવીએ અને પછી રાતે પહેરીને સૂઈ રહેવું પડશે, એવી શરત કરીએ તો પહેરીને સૂઈ જાય ખરી ? બીજે દહાડે કહે, 'લ્યો દાદા, આ સોનું તમારું.' સોનામાં સુખ હોય તો સોનું વધારે મળે ત્યારે આનંદ થાય. પણ આમાં સુખ છે એ માન્યતા છે તારી, રોંગ બિલિફ છે. આમાં સુખ હોતું હશે ? સુખ તો, આ વર્લ્ડમાં કોઈ ચીજ ગ્રહણ કરવાની ન હોય ત્યાં સુખ છે.

હું તો એક પૈસો લોકોની પાસે લઉં તો મારા શબ્દો લોકોને માન્યામાં જ કેમ આવે તે ? કારણ કે એના ઘરની એંઠ મેં ખાધી. અમારે કંઈ જોઈતું જ નથી. જેને ભીખ જ નથી કોઈ પ્રકારની, એને ભગવાનેય શું આપવાના હતા ?

એક જણ મને ધોતિયાં આપવા આવ્યો, એક જણ ફલાણું આપવા આવ્યો. મારે ઈચ્છા હોય તો વાત જુદી છે, પણ મારા મનમાં કશાની ઈચ્છા જ નથી ! મારે તો ફાટેલું હોય તોય ચાલે. એટલે મારું કહેવાનું કે જેટલું ચોખ્ખું રાખશો એટલું આ જગતને લાભદાયી થઈ પડશે !

## સત્સંગ માટેય લક્ષ્મીની પ્યૉરિટી

હું તો ઘરના ડૉલર (રૂપિયા) ખર્ચું. હું તો મુંબઈમાં રહેલો ને, તે સત્સંગ થતો હતો સાંતાક્રુઝમાં. અમારી ગાડી ખરી, તે કામ પર ગયેલી હોય એટલે સાંતાક્રુઝથી ભાડાની ગાડીમાં રોજ આવતો-જતો, પણ અમારે ઘરનું જ ભાડું. ઘરને ભાડે આ રોજ સત્સંગ આપેલો. રોજ દસ-પંદર રૂપિયા ભાડું થાય. અને કેટલીક વખત તો અમે જાત્રા કાઢેલી તેય અમારા ઘરના પૈસાથી લોકોને ફ્રી ઑફ કોસ્ટ (મફત), કારણ કે લોકોનું કલ્યાણ થાવ જે તે રસ્તે. એટલા પૈસા સારી રીતે ગયા.

## અમે તો આવ્યા બીજાના સુખ-આનંદને કાજ

અમને લોસ એન્જેલસ (અમેરિકા)માં બે-ત્રણ જણ કહેતા હતા કે 'આવું ફી વગરના (સત્સંગ કરવા) આવ્યા હો, તો તમે એકલા જ આવ્યા છો ઈન્ડિયામાંથી.' મેં કહ્યું, 'ભાઈ, અમારે ફી લેવાની જરૂર નથી ને અમે તમારા માટે આવ્યા છીએ. તમને કેમ શાંતિ ને આનંદ થાય, એને માટે આવ્યા છીએ. અમે તમને લૂંટવા માટે નથી આવ્યા.'

(લોકો તો) પહેલી સિલ્વર જૂબિલી (રજતજયંતિ) ઉજવે. અમારી તો સિલ્વરેય ઉજવી નથી. પછી ગોલ્ડન જૂબિલી (સુવર્ણજયંતિ) ઉજવે, તેય નથી ઉજવી કોઈએ. હવે આ ડાયમંડ જૂબિલી ઉજવવા તૈયાર થયા. આખી થેલી ભેગી કરી'તી, તો મેં ના પાડી. મેં કહ્યું, 'થેલી લઈને હું શું કરું ? એના કરતાં એનો બોજો જ ના રાખશો.' '૭૫ હજારની થેલી, તમારે ૭૫ વર્ષ થયા એટલે.' મેં કહ્યું, 'મારે એને શું કરવાનું છે ?' એકવાર તો આમ પચીસ-ત્રીસ હજારનો ખર્ચ થવાનો હોય અને પાછો એ પોણો લાખ રૂપિયાનો ! ભારે પડી જાયને દેશમાં તો ? આ જૂબિલીઓ ઉજવે તોય પાછો લાકડામાં જાય ! ત્યારે મેલને મૂઆ ! શું કરવું છે ? મારે આ દુનિયામાં કોઈ ચીજ જોઈતી ના હોય. જેને કોઈ ચીજની જરૂર જ નથી, કોઈ ઈચ્છા જ નથી આ દુનિયામાં.

## કલ્યાણની કેવી અદ્‌ભુત ભાવના !

અમારે તો પૈસાની જ જરૂર નહીં. હા, એક દેરાસર બંધાય છે કે જે જગત કલ્યાણ માટે બનાવવાનું છે, તેને માટે જેને આપવું હોય તે આપે. તે આ (મંદિર) કૃષ્ણ ભગવાનનું છે, પછી અંબાજી છે, આ બાજુ શિવજી છે. પછી ગણપતિ છે, સીમંધર સ્વામી છે, મહાવીર સ્વામી છે. તે આ બહુ મોટું મંદિર બંધાય છે. એટલે ત્યાં જેને આપવા હોય એ આપે. એ લોકોના કલ્યાણ માટે છે. મેં એવું કહ્યું છે કે આ મૂર્તિઓ હું હસતી બનાવીશ. એની પ્રતિષ્ઠા કરીશ એટલે મૂર્તિઓ વાતો કરશે.

## વાપરો તમારી મૂડી ભગવાનને કાજ

(એટલે ત્યાં) અમેરિકામાં એક જણ બોલી ઊઠ્યો કે 'મારે તો બે હજાર ડોલર આપવાના છે' 'મંદિરમાં,' ત્યારે બીજો કહે છે, 'મારેય બે હજાર ડોલર આપવાના છે.' તે પા કલાકમાં છે તે કેટલા થયા ?

**પ્રશ્નકર્તા :** નેવું હજાર, એટલે નવ હજાર ડોલર.

**દાદાશ્રી :** નવ હજાર ડોલર. નેવું હજાર રૂપિયા થયા પા કલાકમાં. એક છે તે આ દારૂ-માંસાહાર છૂટી ગયા ને, એણે હઉ બે હજાર રૂપિયા લખાવેલા. 'અલ્યા મૂઆ, તારી પાસે છે નહીં ને શું કરવા લખાવો છો ?' કહ્યું. તો કહે, 'ના દાદા, લખાવું તો મારી પાસે ભેગા થશે, નહીં તો નહીં થાય.' 'નહીં તો મારો હાથ છૂટો છે, વપરાઈ જાય' કહે છે. રોજ પચાસ ડોલર ખર્ચીને ગાડી લઈને અમારી જોડે ફર્યા કરતો હતો.

મારી ઉપર (આ પૈસાનો) વરસાદ વરસાવો તેના કરતા મંદિર ઉપર નાખો. એમાં તમારું હિત છે. બાકી કંઈ મારું મંદિર ન્હોય ને એ તો. આટલો ટેકો દ્યો તો બસ.

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામીનું મંદિર એટલા માટે બંધાવો છો કે પછી બધાં એ રીતે આગળ આવી શકે ?

**દાદાશ્રી :** સીમંધર સ્વામીનું નામ લેશે ને, ત્યાંથી જ ફેરફાર થવા માંડશે.

## જ્ઞાનીને કશું જ જોઈતું નથી

કેટલાક લોકો અહીં આવીને પૈસા મૂકે છે. અલ્યા, અહીં પૈસા મૂકવાના ના હોય. જ્યાં બ્રહ્માંડનો માલિક બેઠેલો છે, ત્યાં તો મૂકવાનું હોતું હશે ? આપણે માંગવાનું હોય કે મને આવી અડચણ છે તે કાઢી આપજો, બાકી પૈસા તો કોઈ ગુરુને

મૂકજે. એમને કંઈ લૂગડાં જોઈતાં હોય, બીજું કશું જોઈતું હોય. જ્ઞાની પુરુષને તો કશું જ જોઈતું હોય નહીં ! એટલે આ જો લેવાનું હોય ને, જો પૈસા લઈએ તો સાચી વાત નીકળે જ નહીં. મહીં ચોરી હોય જ.

ચોખ્ખા થઈને આવો, મેલું કરશો નહીં. એક રૂપિયોય ના લેવાય. મૂળ તો દુઃખી છે લોકો. એની પાસે ઊલટાં રૂપિયા લો છો ? આ લોકો સુખી છે ? દુઃખ કાઢવા માટે ત્યાં જાય છે ને ? ત્યારે ઊલટું દુઃખ વધારો છો તમે, એના પચ્ચીસ રૂપિયા લઈને. એક પઈ ના લેવાય કોઈની પાસે. આ તો બધાએ ઠોકી બેસાડેલું, ઠોકાઠોક.

## જ્ઞાની શીખવે વ્યવહાર

**પ્રશ્નકર્તા :** આ સમજણ વિનાનું બધું ચાલ્યું છે. (બેફામ ચાલે) એના પરિણામો તો આવવાના જ ને ?

**દાદાશ્રી :** તેનો જ માર પડે છે ને ! તેથી હું કહું છું ને, 'અરે ભઈ, આવીને સમજો મારી પાસે. એ આત્મા ના મળતો હોય તો વ્યવહાર સમજી જાઓ, તો વ્યવહારમાં ડાહ્યા થઈ જશો.' એક ગ્રેજ્યુએટ છોકરાએ મને કહ્યું કે 'મારા ભઈ છે તે એટલા બધાં કપડાં પહેરે છે, બાર-બાર ખમીસ ને એ બધું સિવડાવે છે અને હું છે તે આમ કરકસર કરું છું.' ત્યારે મેં કહ્યું, 'તારે શું કરવું છે હવે ?' ત્યારે કહે, 'હુંય વધારે પહેરીશ, સિવડાવીશ ઝાઝા. જો એ સિવડાવે છે ત્યારે હું શું કરવા કાપ મેલું ?' પછી એને મેં કહ્યું, 'એ જે ખમીસ છે ને, કાપડ છે ને, એ બધું હિસાબ છે આખી જિંદગીનો. તે આજે જો વધુ વાપરશે તો પાછળ તૂટ પડશે. માટે તું જરૂરિયાત (પૂરતું) વાપરજે. આને લીધે હું બગાડું, એવું ના કરીશ.' એટલે એ સમજી ગયો કે બગાડવા જેવું નથી. પછી બગાડ નહોતો કરતો.

એટલે આ સમજી લે ને, તો ડહાપણવાળા થાય. તું તારું જ બગાડી રહ્યો છું અને બહુ સાચવ સાચવ ના કરીશ, વપરાય એટલું વાપરજે. હું તને એમ નથી કહેતો કે અહીંથી બધું ખુલ્લું કે ફાટેલું પહેરજે.

## બ્રહ્મચારીઓ કાજે દાદાની ખટપટ

હું કોઈની પાસે કશું વસ્તુ માંગીને લેતો નથી તોય આજે મેં માંગીને લીધું, એવું આ બધાંએ જોયું. કોઈ દહાડો કોઈ વસ્તુ માંગીને લેતો નથી. આપવા આવે તો હું કહું કે 'હું ક્યાં મૂકું ? મારી પેટીમાં માતું નથી, એમાં જગ્યા નથી. એટલે હવે એ મારે ક્યાં મૂકવું ?' એટલે લઉં નહીં. છતાંય આજ મેં માંગીને લીધું, એ આ ચંદુભાઈ* એ જોયું ને !

**પ્રશ્નકર્તા :** શું માંગીને લીધું ?

**દાદાશ્રી :** એક માણસ કહે છે કે 'અમારે ત્યાં પગલાં પાડી અને કારખાનામાં જરા વિધિ કરવાની છે.' તે ત્યાં ગયો ત્યારે કારખાનું હેન્ડલુમનું નીકળ્યું, અરે પાવરલુમનું. એટલે પછી કાપડ જોયું. એટલે મને એમ લાગ્યું કે ભવિષ્યમાં આની જરૂર પડશે આપણને, જ્યારે મંદિર-બંદિર બંધાશે અને બ્રહ્મચારી લોકોને કાપડ-બાપડનો સપ્લાય જે આપવું પડશે ત્યારે જરૂર પડશે આ. (એટલે) તેનો ભાવ પૂછયો'તો.

ભાવ તો મને આઠ રૂપિયા કહ્યા, પણ પાંચ (રૂપિયે આપવાનું) કહ્યું. એટલે મેં કહ્યું, 'ભઈ, મને તમે દેખાડો.' એટલે એ આખો તાકો બાંધી આપતા'તા. મેં કહ્યું, 'મારે તો એક-બે વાર આપો, સેમ્પલ માટે.' એટલું માંગીને લીધું, પણ એનુંય કલ્યાણ થઈ ગયું ને ! એ કહે છે, 'કોઈ દહાડો માંગ્યું નથી અને આ તમે માંગ્યું.' એટલે મારો હિસાબ આવો છે. મેં માંગ્યું આ છોકરાઓને માટે. ભવિષ્યમાં મોંઘા ભાવનું લાવીએ, એના કરતા આ લોકોને કહીએ, 'ભઈ, તમે હોલસેલમાં વેચો છો એ ભાવે મને આપો.' અને 'મફત આપો' એવું માંગવામાં હું માનતો નથી. એ લોકો કહે, 'તમારે ત્યાં આ છોકરાં માટે મફત આપીશ.' મેં કહ્યું, 'હું

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

માનતો નથી. તમે અમને આ હોલસેલ આપો ને તો જ લઉં.' એમાં જે ફાયદો રહે છે એટલું જ જોવાની જરૂર. તે પાંચ રૂપિયાનું મીટર કહ્યું. ત્યારે મેં કહ્યું, 'બહુ સારું કે ચાલો આપણને ગમ્યું. તે માંગ્યું પણ.'

**પ્રશ્નકર્તા :** એ માંગ્યું કહેવાય જ નહીં, દાદા. એના પડતર ભાવે આપે લેવાની વાત કરી એ તો કાંઈ લીધું કહેવાય ? એ તો અમસ્તુ બધાંય કરે.

**દાદાશ્રી :** આ છોકરાંને માટે શું જોઈશે ? ઓછા ભાવે કેમ કરીને સપ્લાય થાય ? ફ્રી આપે તો પછી ફરી ના આપે. એટલા સારું એ બધું ધ્યાન તો રાખવું પડે ને! તેથી કરીને મારો મોક્ષ જતો રહેવાનો નથી.

## દાદા પ્યૉર અખંડ બ્રહ્મચારી

અમે તો તમે જે માંગો એ આપીએ. કારણ કે અમે અખંડ બ્રહ્મચારી છીએ. જેને કોઈ દા'ડો (વિષય સંબંધી) વિચાર જ નથી આવ્યો આજ અઠ્ઠાવીસ વર્ષથી, જ્ઞાન થયા પછી. પચાસ હજાર માણસો છે આપણામાં, પણ એકુયને એવી છૂટ નહીં કે સ્ત્રીઓને તમે અડો. કારણ કે એ સ્પર્શનો ગુણ એટલો બધો વસમો છે. બધાં એવા હોય છે એવું નહીં, પણ બનતા સુધી એમાં હાથ ઘાલવો નહીં જોઈએ. અમને છૂટ, કારણ કે અમે કોઈ જાતિમાં ના હોઈએ કે મેસ્ક્યુલીન (પુરુષ) કે ફીમેલ (સ્ત્રી). અમે જાતિની બહાર નીકળી ગયેલા હોઈએ.

## પૂર્ણ નિર્વિષયી કેવળ દર્શને

અમારામાં વિષયનું પરમાણુ જ ના હોય. આ જ્ઞાન થયા પછી અમને કોઈ દિવસ વિષયનો વિચાર આવ્યો નથી. જેનું મનોબળ જબરજસ્ત જ્ઞાનપૂર્વકનું થઈ ગયું હોય, પછી તેને વાંધો નહીં. તેથી અમને સ્ત્રીઓ આમ ચરણે અડીને વિધિ કરી શકે ને ! બીજાને તો સ્ત્રીને અડતાં પહેલાં જ વિષય વિચાર ઊભો થાય. અમને તો 'થ્રી વિઝન'થી એક જ સેકંડમાં બધું આરપાર દેખાય છે. અમારું એટલું બધું ઊંચું દર્શન હોય, પછી શી રીતે રોગ ઊભો થાય ?

અમને પુદ્ગલ ઉપર રાગ જ નહીં ને ! આ મારા જ પુદ્ગલ ઉપર અમને રાગ નહીં. પુદ્ગલથી હું તદ્દન છૂટો રહું છું. પોતાના પુદ્ગલ ઉપર જેને રાગ હોય, તેને બીજાના પુદ્ગલ ઉપર રાગ થાય. અનંત અવતારથી આનું આ જ ભોગવ્યું તો પણ છૂટતું નથી. એ અજાયબી જ છે ને ! કેટલાંય અવતારથી વિષયસુખનો વિરોધી થયેલો હોય, વિષયસુખને આવરણિક દૃષ્ટિ રહિત ખૂબ ખૂબ વિચાર્યું હોય, જબરજસ્ત વૈરાગ ઉત્પન્ન થયેલો હોય તો એ છૂટે. વૈરાગ ક્યારે ઉત્પન્ન થાય ? એને મહીં જેવું છે તેવું દેખાય ત્યારે.

## નિર્વિકારી દશા જ્ઞાની પદે

વિષય તો અમારે સ્વપ્નામાંય ના હોય અને (અમારું) બિલકુલ કરેક્ટ (ચોખ્ખું) હોય છે. અરીસા (જેવા) ટ્રાન્સપેરન્ટ હોઈએ.

સંપૂર્ણ ચારિત્ર તો કોને કહેવાય ? શીલને ચારિત્ર કહેવાય. શીલ એટલે વિષયનો વિચાર ના આવે. અમને વિષયનો એક પણ વિચાર ના આવે. અમારું ચારિત્ર એ ચારિત્ર કહેવાય. સંયમ પરિણામી એને કહેવાય કે જેને વિષયનો વિચાર જ ના આવે !

મારે તો 'ઓપન ટુ સ્કાય' (જાહેર) જેવું છે. એક વાળ જેટલી પણ ચીજ ગુપ્ત રાખેલી નથી. આ જ્ઞાન થયા પછી અબ્રહ્મચર્યનું મનથી પણ કોઈ દહાડો મેં સેવન નથી કર્યું.

સ્ત્રીઓને દેખીને મને વિષય જ ઉત્પન્ન ના થાય. કારણ કે મને આત્મા જ દેખાય. નિર્વિચાર દશા, નિરીચ્છક દશા, નિર્વિકારી દશા ! નિર્વિકલ્પ દશા, આ તો જગતનું કલ્યાણ કરી નાખશે !

'જ્ઞાની પુરુષ'ને કેવું સરસ દેખાતું હશે ! બધે શુદ્ધાત્મા જ દેખાય. અમે નવમા ગુંઠાણામાંથી

દસમા ગુંઠાણામાં જ્યારે ખસ્યા, ત્યારથી એય પાર વગરનું સુખ અનુભવ્યું ! એ સુખનો એક છાંટો જો બહાર પડે ને માણસ એ ચાખે તો વરસ દહાડા સુધી તે પરમ સુખિયો થઈ જાય ! આ વિષયને લીધે જ બધી રીતે સુખ અંતરાયું છે ને આ જ મહારોગ છે !

## પ્યૉરિટીને લીધે સહેજે કરે આલોચના

**પ્રશ્નકર્તા :** ગઈકાલે સત્સંગમાં આપની પાસે ત્રણ વ્યક્તિગત કેસો આવ્યા'તા. હવે એમણે નિર્ભયપણે જે કબૂલાત કરી, એવી કબૂલાત સામાન્ય રીતે કોઈ પણ માનવી કોઈ પણ જગ્યાએ કરે નહીં. પણ આપની સમક્ષ એમણે આ કબૂલાત કરી, તો એ કબૂલાત શેના આધારે કરી ? એમણે અહીંયા શું જોયું ?

**દાદાશ્રી :** પ્યૉરિટી જોયેલી હોય અમારી, વીતરાગતા જોયેલી હોય. પ્યૉરિટીથી આ બધું સમજે. ગમે એવો કપટી હોય તોય પ્યૉર થવા માંડે.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, ગમે તેવો માણસ હોય તોય પણ જ્ઞાની પુરુષની પ્યૉરિટી એને અસર કરી જાય ?

**દાદાશ્રી :** પ્યૉરિટીથી જ બધું કામ થાય છે. આ ઈમ્પ્યૉર (મેલું) અને પ્યૉર એમાં ફેર એટલો જ છે, બીજું કશું નહીં. અજ્ઞાનીમાં ને જ્ઞાનીમાં ફેર શું ? ત્યારે કહે, (પેલો) ઈમ્પ્યૉર છે ને આ પ્યૉર છે. જેટલો પ્યૉર એટલું એની પાસે આખું જગત વશ થઈ જાય. જેટલી પ્યૉરિટી ઓછી એટલું ઓછું વશ થાય. વશ થઈ ગયેલું હોય, (ત્યાં) બધું જ કબૂલ કરે. અમને બધી સ્ત્રીઓ છે તે બાર-ચૌદ વર્ષની હતી ત્યારથી તે ચાલીસ વર્ષની થઈ ત્યાં સુધીનું બધું લખીને આપે છે એક્ઝેક્ટ, જેમ છે તેમ. એનો આત્મા જ જાણે ને હું જ જાણું. બસ એનો ધણીયે ના જાણે કાંઈ. કાગળો લખીને લાવે બધા. એ કાગળો પાછા આપી દઈને કહું કે 'મહિના સુધી વાંચજે અને પ્રતિક્રમણ કર્યા કરજે.' એમાંનો એક શબ્દ હું બીજાને કહું તો એ બઈ આપઘાત કરે. અમારે આ જ્ઞાનથી એ (કાગળની પ્રિન્ટ) તુર્ત ને તુર્ત જ ભૂંસાઈ જાય, એની મેળે જ ભૂંસાઈ જાય. ગમે એવું ખરાબ હોય ને તોય ભૂંસાઈ જાય. અમારો હેતુ જ એવો ના હોય. હિંસક હેતુ ના હોય અમારો.

## વચનબળ પાછળ કામ કરે પ્યૉરિટી

આ મન-વચન-કાયા એટલી પ્યૉરિટી ભજે છે કે વર્લ્ડમાં (આવી પ્યૉરિટી) હોવી એ મોટામાં મોટું આશ્ચર્ય છે ! એટલી બધી પ્યૉરિટી છે ! હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) પ્યૉરિટી છે. પારદર્શક છે એટલે જેને જે કાંઈ વખતે લેવું હોય, નિયમ લેવો હોય, ત્યાગ કરવો હોય તો તરત ફળ ચાલુ થઈ જાય. હવે હું બીડી પીતો હોઉં ને તમને કહું, બીડી છોડી દો, તો શું થાય ? મારું વચનબળ શી રીતે ચાલે ? વચનબળ (માટે) તો પ્યૉરિટી જોઈશે. આપણો તો આખો સત્સંગ ચોખ્ખો છે. જ્ઞાની પુરુષ પોતે ચોખ્ખા, તો બધો સત્સંગ ચોખ્ખો. (એ સત્સંગમાં) બે કલાક બેસી રહીએ ત્યારે પછી ખબર પડે. વાતાવરણ શુદ્ધ, કેવું સુંદર વાતાવરણ ! આ વાતાવરણ તો ગજબનું વાતાવરણ કહેવાય ! જગતે જોયું ન હોય એવું વાતાવરણ !

આ ઈલેવન્થ વન્ડર ઑફ ધી વર્લ્ડ (જગતનું અગિયારમું આશ્ચર્ય) ! એ છે તો મારા ગયા પછી નીકળશે બહાર. પછી બુદ્ધિવાદી શોધખોળ કરશે. બાકી જે લાભ લેનારા (છે તે) બધા લાભ લઈને જતા રહેવાના.

**પ્રશ્નકર્તા :** દાદાની કૃપાથી જે વ્રત લીધેલું છે, તે પણ બહુ સહજ ભાવથી, આસાનીથી એ (પરિપૂર્ણ થાય છે.)

**દાદાશ્રી :** 'વ્રત' ઘણા લોકોનું કામ કરે છે. આ દાદાના એકેએક અંગ છે તે ચોખ્ખા છે, ફ્રેશ

છે, બ્યૂટિફુલ (સુંદર) છે અને ચોખ્ખા વગર બને નહીં ને. ખટપટ, બસ એટલો જ બગાડ છે.

**પ્રશ્નકર્તા :** અમારા માટે એ ખટપટ, ઉપકાર જ છે, દાદા.

**દાદાશ્રી :** એ પણ તમારા માટે. મારે (માટે) આ બગાડ છે પણ, એ ઈચ્છાપૂર્વકનો છે. અમે જે સુખ પામ્યા એ સુખ જગત પામો.

**પ્રશ્નકર્તા :** એ ઈચ્છા છે પણ જો દાદાની ખટપટ ના હોત તો આટલા બધાનું કલ્યાણ ના થાત.

**દાદાશ્રી :** થાય જ નહીં ને ! કેવી રીતે થાય ? હું મારા સ્વાર્થમાં પડ્યો હોઉ ને ? ખટપટ એટલે બીજાનું (હિત) જોવું, એનું તીર્થંકર નામકર્મ બંધાય. બીજા લોકોનું (જોવાનું), પોતાનું કંઈ જોવાનું નહીં.

## મહા સિદ્ધિવાન, પરમ પદે

અત્યારે મારે કરોડ-બે કરોડ રૂપિયા ભેગા કરવા હોય તો થઈ શકે ખરા ? મારા બોલતાંની સાથે જ થઈ જાય. લોકો તો આખી મિલકત આપવા તૈયાર છે, એનું શું કારણ ? સિદ્ધિ છે મારી પાસે. એને હું વટાવું તો મારી પાસે રહ્યું શું ત્યારે ? કેટલા પ્રયોગે કરીને આ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને મારે પૈસાની જરૂર નથી. પણ મારી જે બીજી સિદ્ધિઓ છે, આંતરિક સિદ્ધિઓ છે, એ તો જબરજસ્ત સિદ્ધિઓ છે. ભગવાન મહાવીરે સિદ્ધિઓ વટાવેલી નહીં. ભગવાન કાચા નથી પડ્યા, તો હું યે એમનો શિષ્ય છું, મહા પક્કો શિષ્ય છું. બહુ પાકો શિષ્ય, અસલ ! તે એવો પક્કો કે જગત આખુંય સામું થાય તો ડરું નહીં, એવો પક્કો છું. પછી એથી વધારે શું પુરાવો જોઈએ ? સિદ્ધિ વટાવતો નથી એટલે ને ? અને જો સિદ્ધિ વટાવે તો ? કાલે ચાર આનાના થઈ જાય 'દાદા' !

પછી લોક 'જવા દો ને, દાદાએ તો અંદરખાને લેવા માંડ્યું છે !' કહેશે. પણ હું 'ગેરંટી' સાથે કહું છું કે અહીં 'સીક્રેસી' (ગુપ્તતા) જેવી વસ્તુ જ નથી. ચોવીસેય કલાક ગમે ત્યારે તારે જોવું હોય તો આવ, અહીં 'સીક્રેસી' જ નથી જ્યાં આગળ ! અને જ્યાં 'સીક્રેસી' નથી ત્યાં કશું છે જ નહીં. અહીં તો ગમે તે 'એટ એની ટાઈમ' (ગમે તે સમયે) પેસી શકે છે, રાતે બાર વાગે, એક વાગે ! કોઈ 'સીક્રેસી' જ નથી પછી શું ? 'સીક્રેસી' નથી તેમ કોઈ 'ડિપ્રેશન' જોવામાં ના આવે. ગમે તે 'એટ એની ટાઈમ', કોઈ પણ મિનિટે દાદા 'ડિપ્રેશન'માં હોઈ શકે નહીં. 'એલિવેશન'માં તો રહેતા જ નથી પણ 'ડિપ્રેશને'ય ના હોય ! એ પરમાનંદમાં જ હોય !

'જ્ઞાની પુરુષ'માં અનંત પ્રકારની સિદ્ધિઓ હોય છે તેથી આમ બની શકે છે. એમનામાં તો ગજબની સિદ્ધિઓ હોય. કારણ કે જેને કોઈ અપેક્ષા ના હોય, તેને બહુ પ્રકારની સિદ્ધિઓ હોય.

એટલે મારે આ સિદ્ધિઓ વાપરવી હોય તો વાર લાગે ખરી ? શેની વાર લાગે ? જે માગે તે મળે, પણ હું ભિખારો નથી. કોઈ પણ પ્રકારની ભીખ ના હોય ત્યારે આ પદ પ્રાપ્ત થાય !

## મારાપણું મીટતા, ઊતરે સીધું

**પ્રશ્નકર્તા :** મહાવીર ભગવાને જે કહ્યું તે જ આપ કહો છો, પણ એ તો બધું પહેલાં અમે વાંચતા હતા, સાંભળતા હતા પણ કશું સમજાતું ન હતું ને આ તો સીધું ઊતરી જાય છે.

**દાદાશ્રી :** ઉતરી જાય ને પણ. સીધું ઊતરે ને ! આમાં ચોખ્ખું આપું છું ને ! આમાં જો જરાક 'મારાપણું' કર્યું હોત ને, તો સીધું ના ઊતરત. અહીં થોડું વળગી જાત. આ 'મારી વાણી' થયું હોત ને, તો એ થોડુંક વળગત.

**પ્રશ્નકર્તા :** તોય આ ઊતરી જવાનું કારણ એના કરતાં કંઈક વિશેષ લાગે છે.

**દાદાશ્રી :** 'પ્યૉર' સમજણમાં સુખ છે. આ

પ્યૉર માલ છે, ચોખ્ખો માલ છે ને! 'માય સ્પીચ' (મારી વાણી) એવુંય નથી બોલ્યો ને! આ માય સ્પિચ એવું નથી, માટે પ્રત્યક્ષ સરસ્વતી ! તેનું આ ફળ છે ને બધું. એક જ શબ્દ જો સાંભળીને જતો રહેશે ને, જો એમાં ઊંડો ઊતર્યો તો ! તેનો પણ મોક્ષ થાય એવું આ જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** આપના બધાં વાક્યો આમ હવે ફટાફટ બેસી જાય છે સમજણમાં.

**દાદાશ્રી :** બધાં બેસી જ જાય અને બેઠા વગર રહેવાના નથી. આ તો બધું એક્ઝેક્ટ (જેમ છે તેમ) છે. આ અમે કહીએ છીએ ને કે આ ટેપરેકર્ડ બોલે છે ને અમે સાંભળીએ છીએ. અમે જ્ઞાતા-દ્રષ્ટા રહીએ છીએ.

## નિર્મમત્વથી શુદ્ધિકરણ

ફોટાની સરસ્વતી, શાસ્ત્રોની કે પુસ્તકોની સરસ્વતી એ પરોક્ષ સરસ્વતી છે. પ્રત્યક્ષ સરસ્વતીના દર્શન કરવા હોય તો અહીં અમારી વાણી સાંભળે એટલે થઈ જાય !

અમારું એક જ વાક્ય સાંભળે અને જો પચાવે તો બહુ થઈ ગયું. કૃપાળુદેવે કહ્યું કે જ્ઞાની પુરુષનો એક જ શબ્દ (પચાવ્યો) હોય તો મોક્ષમાં લઈ જાય. જ્ઞાની પુરુષના શબ્દમાં, એનું વજન તો જુઓ ! મુક્ત પુરુષની વાણી મુક્ત હોય, એ મુક્ત વાણી તો જુઓ! એ 'વિધાઉટ એની પોઈઝન' (સંપૂર્ણ વિષ વગરની) હોય. ભગવાન મહાવીર બોલ્યા તેય પ્રત્યક્ષ સરસ્વતી! ઈમ્પ્યૉર (મેલવાળું) જ અત્યાર સુધી કર્યું છે. સાંભળ્યું છે તેય બધું ઈમ્પ્યૉર. પ્યૉરિટી (મેલ વગર)માં તો અત્યારે એક કલાકથી (અહીં સત્સંગમાં) આવ્યા તે. બાકી કોઈ દહાડોય પ્યૉરિટી જોઈ ?

આવું પ્યૉર કોણ બોલે ? કે જેને નિર્મમત્વ છે, જેને મમતા નથી કોઈ પણ પ્રકારની, તે આવું પ્યૉર બોલી શકે. બાકી બધા પ્યૉર બોલે નહીં. બધું રક્ષણ જ કરે. સંત પુરુષો છે બિચારા પણ એમને સમજણ પડે એટલું કરે ને પછી બીજું રક્ષણ કરે !

## પ્યૉર નિરાવરણ વાણી

**પ્રશ્નકર્તા :** કોઈ માણસ વાણી બોલ્યો તો કહે, 'હું બોલ્યો હતો' અને દાદા કહે છે, 'હું એવું નથી માનતો કે હું બોલ્યો હતો. આ ટેપરેકર્ડ બોલે છે.' પણ એમાં કરેક્ટનેસ (સ્પષ્ટતા) ક્યાંથી આવી જાય ? એ શું વસ્તુ છે?

**દાદાશ્રી :** 'હું બોલ્યો હતો' કહે છે, એટલી આવરણવાળી વાણી હોય. એટલે ચોખવટ ના હોય એમાં. એ એક્ઝેક્ટનેસ ના બતાવે અને 'આ' એક્ઝેક્ટનેસ બતાવે. આ નિરાવરણ વાણી છે ને, એટલે પ્યૉર છે. આ તો પ્યૉર ભાષા હોય ને, બસ. પ્યૉરિટી હોય ને ! શબ્દે શબ્દ પ્યૉર હોય. સહેજ પણ એમાં ક્રોધ ના હોય, માન ના હોય, કપટ ના હોય, કશું હોય નહીં આ.

કેટલાય વ્યક્તિઓ આવે ને, એ બધા ખુશ થઈ જાય ! કારણ કે આ પ્યૉર મહાવીરની વાત છે. પ્યૉરિટી હોય નહીં ને આ કાળમાં.

અમારી વાણી છેલ્લામાં છેલ્લી ઢબની નીકળે છે અને નિર્વિવાદી છે, નહીં તો વિવાદ જ હોય. બધે જ વિવાદી વાણી હોય. વ્યવહારશુદ્ધિ વગર સ્યાદ્વાદ વાણી નીકળે નહીં. વ્યવહારશુદ્ધિ પહેલી હોવી જોઈએ.

## લઘુતમપદથી પૂર્ણતા

અમારે તો ઈગોઈઝમ ખલાસ થઈ ગયેલો હોય. અમે તો (વ્યવહારમાં) લઘુતમ પુરુષ હોઈએ. અમારા કરતા નાનો દુનિયામાં બીજો કોઈ જીવ નથી અને (નિશ્ચયમાં) ગુરુતમ છીએ અમે, અમારા કરતાં કોઈ ઊંચોય નથી. અમે એવા લઘુતમ-ગુરુતમ પુરુષ કહેવાઈએ, જ્યાં આપણું કામ થઈ જાય.

એટલે આ મન-વચન-કાયાથી હું તદ્દન જુદો રહું છું. એટલે આમને (અંબાલાલને) ગાળો ભાંડે-મારે, તોય મને વાંધો ના આવે ! લોકો મને ઓળખતા જ નથી ! શી રીતે મને ગાળ દઈ શકે ? અને જે મને ઓળખે છે, તે તો પરમાત્મા તરીકે ઓળખે છે. અમને કોઈ પણ જાતની ભીખ ના હોય, તેથી અમને આ પદ મળ્યું છે.

અહીં તો અમે જે પદમાં બેઠા છીએ, તે પદમાં તમને બેસાડું છું. આપણે જુદાઈ નથી. તમારામાં ને મારામાં કોઈ જુદાઈ નથી. તમને જરા જુદાઈ લાગે, મને જુદાઈ ના લાગે. કારણ કે તમારામાં હું જ બેઠેલો છું, એમનામાંય હું બેઠેલો છું. પછી મારે જુદાઈ ક્યાં રહી તે ? બાકી અહીં ગુરુપૂર્ણિમા ના હોય. આ 'ગુરુ' યે ન્હોય ને 'પૂર્ણિમા' યે ન્હોય ! આ તો લઘુતમ પદ છે ! અહીં તો તમારું જ સ્વરૂપ છે આ બધું. આ અભેદ સ્વરૂપ છે !

## પ્યૉર જ્ઞાનથી બુદ્ધિ બ્લંટ

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન એવું છે ને કે પોતાને આ આના (ફાઈલ નં.૧)થી એટલું બધું જુદું રાખે છે કે પોતે જ પોતાના દોષો શોધી શકે કે ક્યાં ભૂલ રહી ગઈ છે ! કારણ કે જાગૃત વિજ્ઞાન છે આખું.

**દાદાશ્રી :** હા, આ જ્ઞાન તો પાંચસો વર્ષ પછીય દીપી ઊઠશે ! તે લોકો કહેશે કે આ જ્ઞાન શું હતું ! તેથી મેં આજ કહ્યું ને, કે લાવો બધા ઉપનિષદો, ચાર વેદ-બેદ બધુંય ફરી નવા બનાવી આપું. સરળ થાય ને આમ કે આય વિધાઉટ માય ઈઝ ગૉડ, એવું જો ચોખ્ખું કહ્યું હોય તો ઉકેલ આવત આનો. આટલું જ જાણ્યું કે (ઉકેલ) આવી ગયો. આ તો જો ગૂંચવાડા-ગૂંચવાડા ! તે કહે છે, 'ભગવાને જન્મ આપ્યો.' ભગવાન જુદા ને આપણે જુદા, ક્યારે પત્તો ખાય, મેળ પડે ?

આ જ્ઞાન અક્રમ વિજ્ઞાન છે. એટલે મેં બધાને ખુલ્લું કહ્યું ને કે બધા જ્ઞાનને બુદ્ધિ ગાંઠે, પણ આ જ્ઞાન છે તે બુદ્ધિનેય ગાંઠે નહીં. એને તો ઠોકીને કાઢી મેલે. હા, 'શું સમજે છે' કહે. એટલે આ બુદ્ધિને ગાંઠે નહીં એવું જ્ઞાન, આ અક્રમ વિજ્ઞાન ! અત્યાર સુધી કહે, 'બહુ ત્યારે તમે શું ઉમેર્યું ? ક્રમમાં અક્રમ ઉમેર્યું.' અલ્યા મૂઆ, તું જો તો ખરો, બુદ્ધિને ગાંઠે નહીં એવું જ્ઞાન ! આ કંઈ શબ્દથી ઉમેર્યું છે આ ?

**પ્રશ્નકર્તા :** આપના એક જ જવાબથી એની બુદ્ધિ ફ્રેક્ચર થઈ જાય.

**દાદાશ્રી :** ફ્રેક્ચર થઈ જાય બુદ્ધિ. આ બુદ્ધિવાળા બહુ આમ ચીપિયા લગાવે. તેથી હું ચાર જ શબ્દમાં કહું છું, 'તમે ખરેખર કોણ છો ?' ચૂપ ! મોટા ઑફિસર હોય તોય. બુદ્ધિ ફ્રેક્ચર કરી નાખે, હડહડાટ. એટલે બુદ્ધિનેય ગાંઠતું નથી આ જ્ઞાન. નહીં તો બુદ્ધિને દરેક જ્ઞાન ગાંઠે, પણ આ વિજ્ઞાન છે એ ગાંઠતું નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો આમાં આપની પાસે બે વસ્તુ બને છે. એક તો ગમે તેવા ક્વેશ્ચન (પ્રશ્ન) મૂક્યા હોય તે, અથવા આપ એવો ક્વેશ્ચન એને પૂછો ને, તો એની બુદ્ધિ બ્લંટ (બુઠ્ઠી) થઈ જાય આખી.

**દાદાશ્રી :** હા, બ્લંટ થઈ જાય. પ્રશ્ન પૂછું તો એ બ્લંટ થઈ જાય. કારણ કે આ માલિકી વગરની વાણી છે.

## છેલ્લામાં છેલ્લી, જ્ઞાનની પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે આ (જ્ઞાન) બુદ્ધિને ગાંઠતું નથી એની પાછળ શું રહસ્ય રહેલું છે ?

**દાદાશ્રી :** આ સાથે સહેજેય જો કદી આની મહીં ભેળસેળ હોત તો, બુદ્ધિ ગાંઠ્યા વગર રહે જ નહીં. આમાં બિલકુલ પરિપૂર્ણતા છે, પ્યૉર.

**પ્રશ્નકર્તા :** પરિપૂર્ણતા એટલે ?

**દાદાશ્રી :** પ્યૉર, સહેજે ઈમ્પ્યૉરિટી નહીં.

**પ્રશ્નકર્તા :** ના, પણ એટલે કયા સેન્સ (અર્થ) માં ?

**દાદાશ્રી :** જ્ઞાનની પ્યૉરિટી છેલ્લામાં છેલ્લી છે. એની આગળ હવે બીજી પ્યૉરિટી ના રહી અને જ્ઞાન એ જ આત્મા છે. એટલે આત્મામાં શું પ્યૉરિટી બાકી રહી, કહો ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાનની પ્યૉરિટી જે કહી ને, એટલે 'જ્યારે અમે કેવળજ્ઞાન સ્વરૂપમાં હોઈએ ત્યારે મહાત્માઓ તમને શુદ્ધાત્માનું લક્ષ બેસે' એવું આપે કહેલું.

**દાદાશ્રી :** પ્યૉર તે સમજમાં આવ્યું છે એટલે ઈમ્પ્યૉરના માલિક થવું નથી.

એટલે નકામી હાય હાય ના કરવી. અમારી પાસે આ જ શીખવાનું છે. પાસે શા હારુ બેસાડી રાખું છું કે જોઈ જોઈને અમારું જીવન જુઓ, આંખો જુઓ. આંખોમાં શું રહે છે ? ત્યારે કહે, 'સાપોલિયાં રમે છે ?' ત્યારે કહે, 'ના, સાપોલિયાં નથી રમતાં અંદર.' ત્યારે શું રમે છે ? ત્યારે કહે, 'વીતરાગતા રમે છે.' એ શીખો. વાણી દિલ ઠરે એવી હોય. એટલે આ બધું જોડે બેસ બેસ કરવાથી થઈ જાય, ભણવાથી ના થાય.

## નિર્મળને જોઈ બનાય નિર્મળ

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પાસે પડી રહો, એવું જે કીધું એટલે પછી આ જ બધું જોવાનું ને ?

**દાદાશ્રી :** હા, એમની સહજતા આખો દહાડો જોવા મળે. કેવી સહજતા ! કેવી નિર્મળ સહજતા છે ! કેટલા નિર્મળ ભાવ છે ! અને અહંકાર વગરની દશા કેવી હોય, બુદ્ધિ વગરની દશા કેવી હોય, એ બધું જોવાનું મળે. અહંકાર વગરની દશા ને બુદ્ધિ વગરની દશા, એ બે દશાઓ તો જોવાની મળે જ નહીં ને ! જ્યાં ને ત્યાં બુદ્ધિશાળીઓ ! તે આમ વાત કરે ને, તોય નાક આમ ચઢેલું હોય ! કશું સહજ ના હોય. ફોટો પાડે ને, તે ઘડીએ નાક ચઢી જાય ! અને ફોટાવાળા અમને જુએ તો એને ફોટો ના લેવો હોય તોય લઈ લે કે આ ફોટો પાડવા જેવા (વ્યક્તિ) છે ! એ સહજતા ખોળે. નાકની કડકાઈ દેખે તો ફોટો સહજ ના આવે.

## હાર્ટિલી વાણીથી થાય અંદરનું શુદ્ધિકરણ

તે આ બાજુ બુદ્ધિની ખેંચ છે તે સંસારમાં રૂપાળું કરી આપે, બહુ ફર્સ્ટ કલાસ રૂપાળું કરી આપે પણ 'ત્યાં ના જવા દઉં' કહે છે. આ બાજુ પ્રજ્ઞાની ખેંચ છે. પ્રજ્ઞા કહેતી હોય, 'હાર્ટિલી માણસ હોય, તેને હું હેલ્પ કરીશ, ઉપર લઈ જઈશ, ઠેઠ લઈ જઈશ, મોક્ષે લઈ જઈશ.' અમારામાં બુદ્ધિ જતી રહી તેથી અમારું હાર્ટ આટલું બધું પ્યૉર હોય ને ! મને કહેતા'તા કે હાર્ટિલી વાણી...

**પ્રશ્નકર્તા :** 'હૃદીયે સ્પર્શી સરસ્વતી, આ વાણી લ્હાવો અનોખો છે.' વાણીની એવી અસર છે કે બુદ્ધિ જે પઝલ (કોયડો) ઉકેલી ના આપે, તે આ વાણી ઉકેલી નાખે.

**દાદાશ્રી :** પ્રત્યક્ષ સરસ્વતી કહેવાય આ વાણી. આ પ્રત્યક્ષ સરસ્વતી સાંભળે ત્યારે બધા રોગો નીકળે. તે કાન પછી એના ચોખ્ખા થાય, પ્યૉરિટી આવે. જેમ જેમ સાંભળતો જાય, તેમ તેમ પ્યૉરિટી આવતી જાય. જેટલી વખત સાંભળ્યું ને, એટલી વખત અંદર બધું શુદ્ધિકરણ થાય. સાંભળતા જ પાપ નાશ થવા માંડે, મુક્તિ આપે, ચિંતા ના થાય, ઉપાધિ ના થાય.

## તીર્થંકરોનું માલિકી વગરનું વિજ્ઞાન

**પ્રશ્નકર્તા :** આપની વાણીમાં છ તત્ત્વોની વાત કહીએ છીએ, એ શાસ્ત્રોની વાત છે કે દાદાની શોધ છે ?

**દાદાશ્રી :** ના, દાદાની શોધ નહીં. દાદાને તો કશું આવડતું જ નથી. ખરેખર એક્ઝેક્ટલી આ

બધું ચોવીસ તીર્થંકરોનું છે અને ચોવીસ તીર્થંકરોનું એમનું ન્હોતું, એમનું હોત તો પાછા એ કહેતા જાય કે 'અમારું જ આ જ્ઞાન છે.' એ પરંપરાથી ચાલતું આવેલું. એટલે કોઈની માલિકી વગરનું આ જ્ઞાન.

કૃપાળુદેવ કરતાંય મોટા મોટા મુનિઓ થઈ ગયેલા. કપીલમુનિ જેવા પણ માથે લેતા ન્હોતા. તે કહેતા કે 'અમે તો સર્વજ્ઞનું કહેલું કહીએ છીએ.'

આ ભગવાન મહાવીરની વાત છે, આ ચોવીસ તીર્થંકરોની વાત છે. મારી વાતો તીર્થંકરોની વાત છે. આ જ્ઞાન અનાદિથી ચાલી આવેલું, તેનું તે જ્ઞાન છે. ફક્ત એની રીત જુદી છે, આ કાળના હિસાબે. આજ ક્રમિક માર્ગ ચાલે એવો નથી એટલે અક્રમ ઊભું થયું છે. (અક્રમ જ્ઞાન થકી) તો સમ્યક્ દૃષ્ટિ થાય. એટલે આવા છોડાવનાર મળ્યા હોય તો શા હારુ (કામ કાઢી ના લેવાય ?)

આવા છોડાવનાર હોતા જ નથી. વર્લ્ડમાંય કો'ક ફેરો કો'ક જ હોય, એક જ માણસ હોય. અજોડ હોય એ, જોડી ના હોય અને તે ઓળખાય નહીં એવા હોય. આ તો મારી મારફત બધી વાત નીકળે છે આ. એટલે તમારે એ આજ્ઞા પાળવાની. આ પાંચ વાક્યો મહાવીરનાય નહીં, દાદાનાયે નહીં, એ તો વીતરાગોના વખતથી ચાલ્યા આવે છે. દાદા તો નિમિત્ત છે.

## કલ્યાણ કાજે ખપે ફક્ત પ્યૉરિટી

એક 'એસે' (નિબંધ) લખી લાવજો કે શેના માટે જીવન જીવવાનું છે ? એની પોઝિટિવ-નેગેટિવ બન્ને સાઈડ લખી લાવવાની. આપણે પ્રગતિ તો કરવી પડશે ને ? આમ સામાન્ય માણસની જેમ ક્યાં સુધી બેસી રહેવું ? મને તેરમા વર્ષે અસામાન્ય થવાનો વિચાર આવેલો. સામાન્ય એટલે શાકભાજી એવું મને લાગેલું. સામાન્ય માણસને જે તકલીફ પડે છે, તે કોઈ તકલીફ અસામાન્ય માણસને ના પડે. સામાન્ય માણસ કોઈને હેલ્પ (મદદ) ના કરી શકે. જ્યારે અસામાન્ય માણસ હેલ્પને માટે જ હોય. તેથી જ તેને જગત એક્સેપ્ટ (સ્વીકાર) કરે.

**પ્રશ્નકર્તા :** અસામાન્ય માણસની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** અસામાન્ય એટલે પોતે જગતના બધા લોકોને, દરેક જીવમાત્રને હેલ્પફૂલ થઈ પડે. પોતે સ્વતંત્ર થાય, પ્રકૃતિથી પર થાય ત્યારે અસામાન્ય થાય. સામાન્ય માણસ લાચારી હઉ અનુભવે, ત્રણ દહાડા ભૂખ્યો રાખે તો લાચારી અનુભવે. માટે અસામાન્ય થવું. પછી તો પોતાના સુખનો પાર ના રહે.

અત્યારે કોઈ મોટો માણસ તમને દેખાય એટલે તમને લઘુતાગ્રંથિ ઉત્પન્ન થાય, તમે અંજાઈ જાવ. અલ્યા, એ જ સામાન્ય માણસ છે તો તેનાથી શું અંજાવાનું ?

નિખાલસ (ટ્રાન્સપરન્ટ) થઈ ગયા એટલે જગતનો કંઈ ડર રાખવાની જરૂર જ ના હોય. એનું તો 'ઓટોમેટિકલી' જાતે જ રક્ષણ થયા કરે. એનું કોઈ ભક્ષણ કરી શકતો જ નથી. સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી એની પૂર્ણ દશા ઉત્પન્ન થશે, ત્યારે કોઈ ભક્ષણ નહીં કરી શકે, કોઈ નામ પણ ના દે.

આપણે તો લોકોનું કલ્યાણ ક્યારે થાય ? કે આપણે ચોખ્ખા થઈ જઈએ તો ! બિલકુલ ચોખ્ખા, પ્યૉર. આખા જગતનું આકર્ષણ કોણ કરે ? પ્યૉરિટી ! પ્યૉર વસ્તુ જગતનું આકર્ષણ કરે.

તું પુસ્તકો વાંચીશ નહીં અને કશું જાણીશ નહીં તોય મને વાંધો નથી, પણ તું નિખાલસ થા. એકદમ પ્યૉર, ટ્રાન્સપરન્ટ, સાચો નિખાલસ થા. પછી નિખાલસને શોભે એ બધું જ્ઞાન એમને એમ ઉદ્ભવશે.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૭ થી ૧૯ મે :** પૂજ્યશ્રીના સાંનિધ્યમાં આપ્તસિંચનના બહેનો માટે ૩ દિવસીય શિબિર યોજાઈ. શિબિર દરમ્યાન ઈન્ફોર્મલ સત્સંગ, પૂજ્યશ્રી દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન અને એમના દર્શનથી સાધિકા બહેનોની જ્ઞાનજાગૃતિની બેટરી રિચાર્જ થઈ ગઈ હતી. પૂજ્યશ્રી ભાદરણ ત્રિમંદિર અને ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા. ભાદરણ ગામના મહાત્માઓ માટે વિશેષ દર્શનનો કાર્યક્રમ પણ રખાયો હતો.

**૨૧ થી ૨૩ મે :** સુરતમાં પૂજ્યશ્રીના સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમમાં બહુ સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો. લગભગ ૭૦૦ જેટલા સેવાર્થીઓએ પ્રચાર અને કાર્યક્રમ દરમ્યાન ઉત્સાહપૂર્વક સેવા આપી હતી તેમજ અગાઉ જ્ઞાન લેવા નવા મુમુક્ષુઓ પ્રેરિત થાય તે માટે આપ્તપુત્ર સત્સંગોનું આયોજન થયું હતું. જ્ઞાનવિધિ દરમ્યાન ૩૬૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. પૂજ્યશ્રીના આગમન વખતે પણ મહોત્સવ જેવું વાતાવરણ સર્જાયું હતું. યજમાન મહાત્માના બિલ્ડીંગમાં મોટા ભાગના જ્ઞાન લીધેલા મહાત્માઓ જ હતા, જે પૂજ્યશ્રીના દર્શન પામી ગદગદ થઈ ગયા હતા. સત્સંગ સ્થળ પર GNCના બાળકો-યુવાનોએ પૂજ્યશ્રીનું વિવિધ પ્રકારે ઉમંગથી સ્વાગત કર્યું હતું.

**૨૭ થી ૩૧ મે :** અડાલજ સંકુલમાં દાદાનગર ખાતે હિન્દી શિબિરનું આયોજન થયું હતું. જેમાં આ વખતે રેકોર્ડ બ્રેક ૨૫૦૦ મહાત્મા-મુમુક્ષુઓએ હાજરી આપી હતી. શિબિર દરમ્યાન 'પ્રતિક્રમણ' પારાયણ, WMHT-MMHTની વિશેષ સત્સંગ, ગરબા, ભક્તિ, પૂજ્યશ્રીના ચરણસ્પર્શ દર્શન, આપ્તપુત્રો-પુત્રીઓ દ્વારા ગ્રુપ સત્સંગ અને વ્યક્તિગત માર્ગદર્શન, મંદિરમાં પ્રક્ષાલ-પૂજન-આરતી, પૂજ્યશ્રીના સત્સંગોની સ્પેશ્યલ સીડી વિગેરે વૈવિધ્યસભર કાર્યક્રમોથી સર્વે મહાત્માઓ લાભાન્વિત થયા હતા. ઘણાં સેન્ટરના મહાત્માઓએ પૂજ્યશ્રીને પોતાના શહેરમાં સત્સંગ-જ્ઞાનવિધિ માટે પધારવા આમંત્રણ આપ્યું હતું. પૂજ્યશ્રીના સમાધાનકારી જવાબોથી મહાત્માઓ તૃપ્ત થઈ ગયા હતા. આ પ્રસંગે પંજાબી તેમજ ઉડીયા ભાષાના પુસ્તકોનું વિમોચન પણ પૂજ્યશ્રીએ કર્યું હતું. જ્ઞાનવિધિમાં ૭૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. શિબિર દરમ્યાન વડોદરા ત્રિમંદિરના શ્રી સીમંધર સ્વામી ભગવાનની પ્રતિમા અડાલજ પધારી હતી. પૂજ્યશ્રી તેમજ સર્વે મહાત્માઓએ પ્રતિમાના ભાવપૂર્ણ દર્શન કર્યા હતા તેમજ દર્શન કરનાર સર્વે મુમુક્ષુઓનું આત્યંતિક આત્મકલ્યાણ થાય એવી ભાવના પ્રગટ કરી હતી. અંતિમ દિવસે અંબાજી-મહેસાણાની એક દિવસીય યાત્રા યોજવામાં આવી હતી. જેમાં ૧૩૦૦ જેટલા શિબિરાર્થી મહાત્માઓ જોડાયા હતા. અંબાજી મંદિર દર્શન પછી મહાત્માઓને પૂજ્યશ્રીના સત્સંગની વિશેષ તક મળી હતી. ભોજન બાદ મહેસાણા શ્રી સીમંધર સ્વામીના દેરાસરના દર્શન બાદ ગરબાનો આનંદ મહાત્માઓએ માણ્યો હતો. મંદિરના ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું હતું.

**૨૯ - ૩૦ મે :** વડોદરામાં શ્રી સીમંધર સ્વામી ભગવાનની પ્રતિમાની પધરામણી થતા શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમાં દાદાજીની મૂર્તિ પણ બગીમાં દર્શનાર્થે રાખવામાં આવી હતી. લગભગ એક હજાર જેટલા મહાત્માઓ ઉલ્લાસભેર આ શોભાયાત્રામાં જોડાયા હતા. ત્યાર બાદ બીજા દિવસે સવારે ભગવાનની પ્રતિમા ત્રિમંદિરમાં તેના સ્થાને ક્રેનની મદદથી પ્રસ્થાપિત કરવામાં આવી હતી, ત્યારે ઉપસ્થિત મહાત્માઓએ આનંદ-ઉલ્લાસપૂર્વક ગરબા-ભક્તિ-પ્રક્ષાલ-પૂજન-આરતી કર્યા હતા.

**૩ - ૪ જૂન :** સેફ્રોની-મહેસાણા ખાતે બે દિવસીય કોર્ડીનેટર વર્કશોપ ગુજરાતના બધા જ સેન્ટરોના કોર્ડીનેટરો માટે યોજાયો. પૂજ્યશ્રીએ સત્સંગ સેવા-નોબિલીટી-સિન્સિયારિટી-કર્તાપણું-વિશેષતા વિગેરે પર સત્સંગ કર્યો હતો. વિવિધ એક્ટિવિટી દ્વારા કેમ કરીને નવા લોકોને આગળ આવવા પ્રોત્સાહિત કરી શકાય, સેવામાં નોબિલીટી રાખી વધુ લોકોને પ્રેરિત કરવા તેમજ નવા પ્રતિનિધિઓ ભવિષ્ય માટે તૈયાર કરવા એની પર ભાર મૂકાયો હતો. બ્રહ્મચારી સાધકોએ સુંદર નાટક ભજવીને વિશેષતા/મારાપણુંની વાત પ્રસ્તુત કરી હતી. પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક અને વ્યક્તિગત માર્ગદર્શન અને ચરણસ્પર્શનો અવસર મળતા સર્વે કોર્ડીનેટરો આનંદવિભોર થઈ ગયા હતા.

**૭ - ૧૦ જૂન :** આપ્તસંકુલમા ૧૨૦ ભાઈઓ-બહેનોની પૂજ્યશ્રી સાથે ૪ દિવસની રિટ્રીટ દક્ષિણ ભારતના પ્રસિદ્ધ હિલ સ્ટેશન ઊટી ખાતે યોજાઈ. 'સંકુલ પરિવાર' નામક પારિવારિક ભાવનાત્મક થીમ આ વખતે રાખવામાં આવી હતી. આ જ થીમ પર પ્રથમ દિવસે એક્ટિવિટી કરવામાં આવી હતી. બીજા દિવસે ભાઈઓ અને બહેનોની સાથે અલગ-અલગ સેશન પૂજ્યશ્રી સાથે ગોઠવવામાં આવી હતી. ત્રીજા દિવસે 'દાદા દરબાર' અંતર્ગત બધા જ સાધકો સાથે પૂજ્યશ્રીએ વ્યક્તિગત વાતચીત કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. રાત્રિના સમયે હળવો સત્સંગ, અંતાક્ષરી તેમજ નાટક જેવી પ્રવૃત્તિઓનો આનંદ સાધકોએ માણ્યો હતો સાધકોએ કુદરતી વાતાવરણમાં જંગલમાં વોક, એગ્રીટુર, ઈનડોર-આઉટડોર રમત-ગમતનો આનંદ પણ વરસાદી માહોલ વચ્ચે માણ્યો હતો.




અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાનની અસીમ કૃપા અને આત્મજ્ઞાની પૂજ્ય નીરુમાના આશીર્વાદથી વર્ષ ૨૦૧૬ની ગુરુપૂર્ણિમાની ઊજવણી માટે કેનેડાના સર્વે મહાત્માઓને યજમાન થવાનું પરમ સૌભાગ્ય સાંપડ્યું છે. પૂર્ણ પરમાત્મા સ્વરૂપ દાદા ભગવાનની સૂક્ષ્મ હાજરી અનુભવવા તથા પ્રત્યક્ષ જ્ઞાનીનું સાંનિધ્ય માણવાનો આ અનુપમ અવસર આપણા સહુ માટે અલૌકિક આનંદ અને પરમ સુખની અનુભૂતિ કરાવનારો છે. આપ સહુ એ જ દિવ્ય અનુભૂતિ કરવા ટોરન્ટો શહેરમાં પધારો એવી અમારી સૌની દિલની ભાવના છે. આ શુભ પ્રસંગે અક્રમ વિજ્ઞાનની પ્રત્યક્ષ લિંક રૂપ આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈના સાંનિધ્યમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની ગુરુપૂર્ણિમાની ભવ્ય ઊજવણીમાં સહભાગી થવા માટે આપને અને આપના પરિવારજનો, મિત્રો સહુને ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

કેનેડાના સર્વે મહાત્માઓના જય સચ્ચિદાનંદ

| Date | Spiritual Discourses | Morning Session | Evening Session |
|---|---|---|---|
| Fri. July 15 | GP Shibir | 9:30 am to 12.00 pm | |
| | General Satsang | | 4:30 to 7:00 pm |
| Sat. July 16 | Aptaputra Satsang | 10:00 am to 12.30 pm | |
| | GNANVIDHI | | 3:30 to 7:30 pm |
| Sun. July 17 | GP Shibir | 9:30 am to 12.00 pm | 4:30 to 7:00 pm |
| Mon. July 18 | GP Shibir | 9:30 am to 12.00 pm | 4:30 to 7:00 pm |
| Tue. July 19 | GP Day | 9:30 am to 12.00 pm | 4:30 to 7:00 pm |
| Wed. July 20 | GP Shibir | 9:30 am to 12.00 pm | |

## Satsang Venue

**Sheraton Parkway Toronto North Hotel & Suites : 9005 Leslie St, Richmond Hill, ON L4B 1B2, Canada**

**Tel.: 1-877-505-DADA(3232) Ext. 10, Email: gp@dadabhagwan.org, Visit: www.dadabhagwan.org**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૧૯ જુલાઈ ૨૦૧૬ના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| સેન્ટર (અંગ્રેજી કક્કાવારી મુજબ) | સમય | કાર્યક્રમનું સરનામું |
|---|---|---|
| સીમંધર સીટી, અમદાવાદ, ગાંધીનગર/કડી/કલોલ | સવારે ૯ થી ૧ | **અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી. ૯૩૨૭૦૧૦૧૦૧ |
| અમરેલી | સવારે ૯-૩૦ થી ૬ | **ત્રિમંદિર**, લીલીયા રોડ બાયપાસ ચોકડી. ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર | સાંજે ૪-૩૦ થી ૮ | **ત્રિમંદિર**, અંજાર-મુન્દ્રા બાયપાસ રોડ. ૯૯૨૪૩૪૬૬૨૨ |
| ભાદરણ | સવારે ૯ થી ૧૨ | **ત્રિમંદિર**,સ્ટેશન રોડ. ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભૂજ | સવારે ૧૦ થી ૫ | **ત્રિમંદિર**, હિલ ગાર્ડનની પાછળ. ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ચલામલી | સવારે ૮ થી ૧૨ | **ત્રિમંદિર**. ૯૮૭૯૫૭૮૫૨૦ |
| ગોધરા | સવારે ૯ થી ૪ | **ત્રિમંદિર**, ભામૈયા ગામ. ૯૮૨૫૪૩૧૫૦૩ |
| મોરબી | સવારે ૯ થી ૧૨-૩૦ | **ત્રિમંદિર**, જેપુર ગામ, નવલખી રોડ. ૯૬૨૪૧૨૪૧૨૪ |
| રાજકોટ | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, રાજકોટ-અમદાવાદ હાઈવે, તરઘડિયા ચોકડી પાસે. માલિયાસણ ગામ. ૯૯૨૪૩૪૩૪૭૮ |
| સુરેન્દ્રનગર | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, રાજકોટ-મૂળી હાઈવે. ૯૮૭૯૨૩૨૮૭૭ |
| વડોદરા | સવારે ૯ થી ૩ | સત્યમ-શિવમ-સુંદરમ્ હોલ, ગુજરાત સમાચાર ઓફિસ પાસે, જલારામ મંદિર રોડ, કારેલીબાગ, વડોદરા. ૯૯૨૪૩૪૩૩૩૫ |
| આણંદ | સવારે ૯ થી ૨ | લાયન્સ હોલ, નવા બસ સ્ટેશન સામે, સરદાર બાગ પાસે. ૯૮૯૮૦૨૬૫૮૯ |
| અંક્લેશ્વર | બપોરે ૩-૩૦ થી ૭-૩૦ | જલારામ મંદિર હોલ, દીવા રોડ. ૯૮૨૫૭૫૩૫૩૩ |
| ભરૂચ/કોસંબા | સવારે ૯-૩૦ થી ૪ | કુસુમ હરનાથ સમાજ હોલ, આવિષ્કાર ફ્લેટ સામે, GEB ઓફિસ પાસે, મક્તમપુર, **ભરૂચ.** ૯૯૨૪૩૪૮૮૮૨ |
| ભાવનગર | સવારે ૯.૩૦ થી ૬ | રામવાડી, ભીડભંજન મહાદેવ મંદિરની સામે, ભીડભંજન ચોક. ૯૯૨૪૩૪૪૪૨૫ |
| બોટાદ | બપોરે ૨ થી ૬ | ચામુંડા માતાજીનો મઢ, તુરખા રોડ, બોટાદ. ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ચિખલી, બિલિમોરા | સવારે ૯ થી ૪ | કચ્છી કડવા પાટીદાર સમાજની વાડી, N.H.8. સમરોલી, **ચીખલી.** ૯૮૨૫૭૭૫૨૧૨ |
| દાહોદ | સવારે ૧૦ થી ૪ | રેડ ક્રોસ ભવન, સિંધી સમાજની જમણ વાડી સામે, LIC ઓફિસની પાછળ, પોલીસ લાઈન રોડ. ૯૪૨૭૨૩૨૮૬૧ |
| ડાકોર | બપોરે ૩ થી ૬ | બચુલીલા કન્યા શાળા, બોદાણા સર્કલ પાસે. ૯૮૯૮૨૯૭૬૦૬ |
| દહેગામ | સવારે ૮-૩૦ થી ૧૧ | મહાસુખ નાથજીભાઈની વાડી, આઈસ ફેક્ટરીની પાસે, પેટ્રોલ પંપ સામે. ૯૯૭૯૧૪૯૩૨૮ |
| ધોળકા, કેલિયા વાસણા, બાવળા | સવારે ૯ થી ૪ | સિદ્ધાર્થ મહાદેવ, 'સિયારામ હોલ', શેત્રુંજય સોસાયટીની સામે, કલિકુંડ ચાર રસ્તા, **ધોળકા.** ૯૨૭૭૩૫૫૯૨૨ |

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | |
|---|---|---|---|
| ધોરાજી, સુપેડી | સવારે ૮-૩૦ થી ૪-૩૦ | રંગ મંડપ, જિન મીલ રોડ, **ધોરાજી.** | ૯૮૯૮૫૬૫૧૩૧ |
| ધ્રાંગધ્રા | સાંજે ૫ થી ૧૦ | લોહાણા સમાજની વાડી, રાજકમલ ચોક. | ૯૪૨૭૬૬૪૮૫૪ |
| ધ્રોલ | બપોરે ૩-૩૦ થી ૭ | દાદા ભગવાન સત્સંગ સેન્ટર, ઓશન માર્બલ, રાજકોટ હાઈવે, ડાયમંડ ફેક્ટરીની સામે. | ૯૪૨૭૫૧૦૯૩૩ |
| ગાંધીધામ | સાંજે ૪-૩૦ થી ૮ | સત્સંગ હોલ, ૨૧, સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, રોટરી સર્કલ પાસે, ગાંધીધામ-આદીપુર રોડ. | ૯૯૨૪૩૪૮૮૪૪ |
| ગોંડલ | બપોરે ૩-૩૦ થી ૭-૩૦ | લોહાણા સમાજની વાડી, મહાદેવ વાડી, ભુવનેશ્વરાય મંદિર પાસે. | ૯૨૨૭૮૦૮૯૦૯ |
| હિંમતનગર | સવારે ૯ થી ૧૨ | જગદીશ હોલ, કેનાલ પાસે, ખેડ તાસીયા રોડ, મહાવીર નગર. | ૯૯૯૮૬૮૭૭૭૬ |
| જામખંભાળીયા | સવારે ૯ થી ૧ | ગુર્જર સુથારની વાડી, સ્ટેશન રોડ. | ૯૪૨૮૦૭૫૮૩૮ |
| જામનગર | સવારે ૧૦ થી ૫ | કામદાર વાડી, અંબર સિનેમાની બાજુમાં. | ૯૪૨૭૨૧૯૧૩૦ |
| જેતપુર | સવારે ૮-૩૦ થી ૧ | લેઉવા પટેલ સમાજ વિભાગ નં. ૧, ગાયત્રી મંદિર પાસે, જેતપુર. | ૯૪૨૮૭૦૦૫૭૦ |
| જૂનાગઢ | બપોરે ૧ થી ૫-૩૦ | 'ક્યાડા વાડી', શાક માર્કેટની બાજુમાં, જોષીપરા, જૂનાગઢ. | ૯૯૨૪૩૪૪૪૮૯ |
| મહેસાણા | સવારે ૮-૩૦ થી ૫ | દાદા ભગવાન સત્સંગ હોલ, નીલકંઠ પ્લાઝા, બીજા માળે, આરંભ ફ્લેટ પાસે, ટી.બી. રોડ. | ૯૯૨૫૬૦૫૩૪૫ |
| નડિયાદ | સાંજે ૪ થી ૭ | બ્લડ બેંક હોલ, સંતરામ રોડ. | ૯૪૨૯૦૩૨૫૨૭ |
| નવસારી | સવારે ૯ થી ૫ | સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ વાડી, સાંસ્કૃતિક ભવન, શાંતાદેવી રોડ. | ૯૪૨૭૧૫૩૭૮૫ |
| પાલનપુર, અમીરગઢ, ડીસા, | સવારે ૯ થી ૪ | વડીલ વિશ્રાંતિ ગૃહ, જૂની આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસે, આબુ રોડ હાઈવે, **પાલનપુર.** | ૯૮૨૫૨૮૦૯૨૩ |
| પાલીતાણા | સવારે ૯ થી ૧ | પટેલ બોર્ડીંગ, બસ સ્ટેન્ડની સામે. | ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પાટણ | સવારે ૧૦ થી ૪ | કડવા પાટીદારની વાડી, સુભાષ ચોક. | ૯૯૭૪૭૦૫૯૫૦ |
| પોરબંદર | બપોરે ૩ થી ૭ | સન્યાસી આશ્રમ, SVP રોડ. | ૯૫૭૪૦૦૧૨૪૩ |
| રાજુલા | સવારે ૯ થી ૧૨ | શ્રી જલારામ મંદિર, જાફરાબાદ રોડ, રાજુલા. | ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૫ થી ૭-૩૦ | કુમાર શાળા, નદી કાંઠે, મહુવા રોડ. | ૯૪૨૭૫૫૫૪૭૬ |
| સુરત | સવારે ૯ થી ૬ | કોમ્યુનિટી હોલ, પ્રાણી સંગ્રહાલય સામે, ગુરુકુળ રોડ, સરથાણા જકાતનાકા, વરાછા. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| થાનગઢ (**૨૦ જુલાઈ**) | સવારે ૮ થી ૧ | જોગ ધ્યાન આશ્રમ, તરણેતર રોડ, રેલ્વે ફાટકની બાજુમાં. | ૯૮૭૯૦૭૫૦૭૬ |

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું |
|---|---|---|
| ઉના, દ્રોણ, દીવ | સવારે ૯-૩૦ થી ૫ | એ-વન ડીહાઈડ્રેશન, મંગલમ આશ્રમ સામે, ગોપી પેટ્રોલ પંપ પાસે, ભાવનગર રોડ, **ઉના.** ૯૯૨૪૨૯૧૮૧૭ |
| ઉપલેટા, જામજોધપુર, ભાયાવદર | સવારે ૯ થી ૫ | ગુરૂનાનક હોલ, સિંધી સમાજ, વિજળી રોડ, **ઉપલેટા.** ૯૮૨૪૬૬૪૪૮૪ |
| વાડોઠ | સવારે ૮ થી ૧૨ | સિદ્ધેશ્વર મંદિર, વાડોઠ,સાબરકાંઠા. ૮૧૨૮૯૧૪૧૨૧ |
| વલસાડ જિલ્લો (**૧૭ જુલાઈ**) | સવારે ૯ થી ૬ | પટેલ સમાજની વાડી, તીથલ રોડ. ૯૯૨૪૩૪૩૨૪૫ |
| વેરાવળ | સવારે ૯ થી ૬ | ઉત્તર સિંધ પંચાયત ભવન,સ્વામી શાંતિ પ્રકાશ હોલ, ૮૦ ફૂટ રોડ. ૯૮૯૮૨૨૧૦૩૩ |
| વિરમગામ (**૧૭ જુલાઈ**) | સાંજે ૪ થી ૭ | શ્રી આનંદ બાલમંદિર સ્કૂલ, લાધાપરા, ટાવર પાછળ. ૯૮૨૪૩૬૭૮૪૫ |

## ગુજરાત બહારના સેન્ટરોમાં થનાર ગુરૂપૂર્ણિમાની ઉજવણી

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું |
|---|---|---|
| અમરાવતી (**૧૭ જુલાઈ**) | સવારે ૯-૩૦ થી ૧ | દોશી વાડી, બીગ - (રાજ) સિનેમા પાસે, જય સ્તંભ ચોક. ૯૪૦૩૪૧૧૪૭૧ |
| ઔરંગાબાદ | સાંજે ૬ થી ૯ | 'નિમિષા' બંગલો, પેંડકર હોસ્પિટલ સામે. ૮૩૦૮૦૦૮૮૯૭ |
| બેંગ્લોર | સવારે ૯ થી ૧૨ | મહારાષ્ટ્ર મંડલ, નં-૨૮, 2nd ક્રોસ, ગાંધીનગર. ૯૫૯૦૯૭૯૦૯૯ |
| ચેન્નઈ | બપોરે ૩ થી ૬ | બી-૭, કેન્ટ એપાર્ટમેન્ટ, ૨૬ રીથર્ડન રોડ. ૯૩૮૦૧૫૯૯૫૭ |
| દિલ્હી (**૧૭ જુલાઈ**) | સવારે ૯ થી ૨ | શાહ ઓડિટોરીયમ, ગુજરાતી સમાજ પાસે, સિવિલ લેન, કાશ્મિરી ગેટ મેટ્રો સ્ટેશન સામે. ૯૮૧૦૦૯૮૫૬૪ |
| હુબલી, બેલગામ (**૨૨ જુલાઈ**) | સાંજે ૩ થી ૬ | પાટીદાર ભવન, ગણેશ માર્ગ, શાસ્ત્રીનગર, **બેલગામ.** ૯૯૪૫૮૯૪૨૦૨ |
| હૈદરાબાદ | | **વધુ જાણકારી માટે સંપર્ક** ૯૮૮૫૦૫૮૭૭૧ |
| ઈન્દોર (**૧૭ જુલાઈ**) | સાંજે ૪ થી ૭-૩૦ | ખંડેલવાલ ધરમશાલા, મૌલાના આઝાદ માર્ગ, લોહાર પટ્ટી, માલગંજ ચોરાહા પાસે. ૯૦૩૯૯૩૬૧૭૩ |
| જલગાંવ | સાંજે ૪ થી ૭ | પ્લોટ નં-૧૨, ગણપતિ નગર, રોટરી હોલ પાસે. ૯૪૨૦૯૪૨૯૪૪ |
| કોલકાતા (**૧૭ જુલાઈ**) | સવારે ૯-૩૦ થી ૪ | લક્ષ્મીનારાયણ મંદિર, ૪૨, શરત બોસ રોડ. ૯૮૩૦૦૮૦૮૨૦ |
| મુંબઈ | સાંજે ૪ થી ૮ | હાલારી વિસા ઓશવાલ સમાજ વાડી, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (સે.રે). ૯૩૨૩૫૨૮૯૦૧ |
| પૂના (**૧૭ જુલાઈ**) | સવારે ૧૦ થી ૫-૩૦ | હોટલ ગોલ્ડન એમરલ્ડ, ગુલટેકડી, માર્કેટ યાર્ડ. ૭૨૧૮૪૭૩૪૬૮ |

**નોંધ :** ૧. જે સેન્ટરની સાથે કૌંસમાં તારીખ લખી છે તે સેન્ટરમાં ૧૯ જુલાઈને બદલે તે તારીખે ઉજવણી થશે.

૨. આપના વિસ્તારમાં નજીકમાં કઈ જગ્યાએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી થવાની છે, તેની વિગત ૦૭૯-૩૯૮૩૦૧૦૦ પર સંપર્ક કરીને પણ પ્રાપ્ત કરી શકો છો.

૩. આ સિવાય ગુજરાત બહારના સેન્ટરોમાં જ્યાં રેગ્યુલર સત્સંગ કેન્દ્ર ચાલે છે, તે સેન્ટરોમાં પણ ગુરૂપૂર્ણિમા ઉજવાશે.

## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૯મો જન્મજયંતી મહોત્સવ - વલસાડ શહેરમાં

**ઉદ્દ્ઘાટન સમારોહ** - તા. ૯ નવેમ્બર, **સત્સંગ શિબિર** - તા. ૧૦ થી ૧૨ નવેમ્બર

**જ્ઞાનવિધિ** - તા. ૧૨ નવેમ્બર, **જન્મજયંતી દિવસ** - તા. ૧૩ નવેમ્બર

**સ્થળ** : આઈ.પી. ગાંધી હાઈસ્કૂલ સામે, વાંકી નદી પાસે, જુજવા ગામ, વલસાડ-ધરમપુર રોડ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

---

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ, બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૮૯૭)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯
- **'દૂરદર્શન'-ગિરનાર પર** મંગળ થી ગુરુ, રાત્રે ૧૦ થી ૧૦-૩૦ ; શુક્ર થી રવિ, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शुक्र, सुबह 8-30 से 9 ; शनि, सुबह 9 से 9-30 ; रवि, सुबह 6-30 से 7
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)

**USA**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 EST (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा रात 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૮૯૭)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा शाम 6-30 से 7 (हिन्दी में)
- **'आस्था'** पर सोम से शनि, रात 10-20 से 10-40 (हिन्दी में)

**USA**
- **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'कलर्स' टीवी** पर सोम से शनि सुबह 8 से 8-30 (हिन्दी में)

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

---

### દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮;
**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

## Pujya Deepakbhai's USA Satsang Schedule 2016

**Contact no. for all centers in USA: 1-877-505-DADA (3232) &**
**email for USA - info@us.dadabhagwan.org**

| Date | Day | City | Session Title | From | To | Venue | Contact No. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 26-Jul | Tue | Florence, AL | Satsang | 6-30 PM | 9-00 PM | Ralph C Bishop Community Center 201 S. Washington Ave Russellville, AL 35653 | Ext 1033 florence@ us.dadabhagwan.org |
| 27-Jul | Wed | Florence, AL | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | | |
| 27-Jul | Wed | Florence, AL | Gnanvidhi | 5-00 PM | 9-00 PM | | |
| 28-Jul | Thu | Florence, AL | Aptaputra Satsang | 6-30 PM | 9-00 PM | | |
| 29-Jul | Fri | Atlanta, GA | Satsang | 6-30 PM | 9-00 PM | Gujarati Samaj 5331 Royalwood parkway, Tucker, GA , 30084 | Ext. 1011 atlanta@ us.dadabhagwan.org |
| 30-Jul | Sat | Atlanta, GA | Satsang | 4-30 PM | 7-00 PM | | |
| 31-Jul | Sun | Atlanta, GA | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | | |
| 31-Jul | Sun | Atlanta, GA | Gnanvidhi | 3-30 PM | 7-30 PM | | |
| 5-Aug | Fri | Chicago, IL | Satsang | 6-30 PM | 9-00 PM | Swaminarayan Temple@ 1020 Bapa Rd, Streamwood, IL 60107 | Ext. 1005 chicago@ us.dadabhagwan.org |
| 6-Aug | Sat | Chicago, IL | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | Swaminarayan Temple @ 21W Irving Park Rd, Itasca, IL 60143 | |
| 6-Aug | Sat | Chicago, IL | Gnanvidhi | 4-00 PM | 8-00 PM | | |
| 7-Aug | Sun | Chicago, IL | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | | |
| 9-Aug | Tue | Los Angeles, CA | Satsang | 7-00 PM | 9-30 PM | Sanatan Dharma Temple 15311 Pioneer Blvd. Norwalk CA 90650 | Ext. 1009 losangeles@ us.dadabhagwan.org |
| 10-Aug | Wed | Los Angeles, CA | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | | |
| 10-Aug | Wed | Los Angeles, CA | Gnanvidhi | 5-00 PM | 9-00 PM | | |
| 11-Aug | Thu | Los Angeles, CA | Aptaputra Satsang | 6-30 PM | 9-00 PM | | |
| 12-Aug | Fri | San Jose, CA | Satsang | 6-30 PM | 9-00 PM | Oasis Palace 35145 Newark Blvd Newark, CA 94560 | Ext. 1024 northcalifornia@ us.dadabhagwan.org |
| 13-Aug | Sat | San Jose, CA | Satsang | 4-30 PM | 7-00 PM | | |
| 14-Aug | Sun | San Jose, CA | Aptaputra Satsang | 10-00 AM | 12-00 PM | | |
| 14-Aug | Sun | San Jose, CA | Gnanvidhi | 4-00 PM | 8-00 PM | | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

**૨૦ ઓગષ્ટ** (શનિ), સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૨૧ ઓગષ્ટ** (રવિ), બપોરે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૫ ઓગષ્ટ** (ગુરુ), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી** નિમિત્તે વિશેષ ભક્તિ કાર્યક્રમ

**૨૮ ઓગષ્ટ** (રવિ) - સવારે ૯ વાગ્યાથી **પૂજ્યશ્રીના દર્શન**નો વિશેષ કાર્યક્રમ

**૨૯ ઓગષ્ટ** થી **૫ સપ્ટેમ્બર** (સોમથી સોમ)-**પર્યુષણ પારાયણ-આપ્તવાણી ૧૩ (પૂ.)** પર **વાંચન-સત્સંગ**

બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચના

(૧) પારાયણમાં ભાગ લેવા તા. ૭ ઓગષ્ટ ૨૦૧૬ સુધીમાં પોતાના સેન્ટરમાં તથા જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧ તથા બપોરે ૩ સાંજે ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

(૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું.

(૩) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

(૪) ઓઢવા-પાથરવાનું, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ, દોરી, તાળું-ચાવી વિગેરે સાથે લેતાં આવવું.

### ઓસ્ટ્રેલિયા - ન્યૂઝીલેન્ડ સત્સંગ પ્રવાસ તા. ૭ થી ૩૦ સપ્ટેમ્બર

વિગતવાર કાર્યક્રમ આવતા અંકમાં પ્રકાશિત થશે.

### પુના

**૨૧ ઓક્ટોબર** (શુક્ર), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **મહાત્માઓ માટે વિશેષ સત્સંગ**

**૨૨ ઓક્ટોબર** (શનિ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૩ ઓક્ટોબર** (રવિ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ગણેશ કલા ક્રિડા મંચ, નહેરુ સ્ટેડિયમ કેમ્પસ, સ્વારગેટ બસ સ્ટેશન પાસે. **સંપર્ક:** ૭૨૧૮૪૭૩૪૬૮

**૨૪ ઓક્ટોબર** (સોમ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ, સ્થળ માટે સંપર્ક:** ૭૨૧૮૪૭૩૪૬૮

જુલાઈ ૨૦૧૬
વર્ષ-૨૧, અંક-૧૧
સળંગ અંક-૨૫૧

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## જ્ઞાની મળે તો બધું જ કામ થઈ જાય

'જ્ઞાની પુરુષ' પાસે આવીએ અને મહેનત કરવી પડે તો અહીં (સત્સંગમાં) આવીએ જ શું કામ ? પણ 'જ્ઞાની પુરુષ' પાસે તપ, ત્યાગ, મહેનત કશું જ ના હોય અને 'જ્ઞાની પુરુષ'ને કશું જોઈતુંય ના હોય, એ પોતે જ આખા બ્રહ્માંડના સ્વામી હોય, તેમને શેની જરૂર હોય ! 'જ્ઞાની પુરુષ' આ દેહના એક ક્ષણ પણ સ્વામીત્વ ભાવમાં ના હોય. જે દેહનો માલિક એક ક્ષણ પણ ના હોય તે આખા બ્રહ્માંડનો માલિક હોય. જ્ઞાનીને તો કોઈ પણ પ્રકારની સ્પૃહા નથી. એમને તો તમે આ હાર પહેરાવો છો એનીય જરૂર નથી, એમને ઊલટો એનો ભાર લાગે. આ તો તમારા માટે છે, તમારે જરૂર હોય તો હાર પહેરાવો. આ સાંસારિક અડચણો હોય તો આ હાર પહેરાવવાથી દૂર થઈ જાય. 'શૂળીનો ઘા સોયે સરે.' અમે એના કર્તા નથી, નિમિત્ત છીએ. 'જ્ઞાની પુરુષ'નાં નૈમિત્તિક પગલાં પડે ને તમારું બધું સુંદર જ થાય; બાકી, 'જ્ઞાની પુરુષ' એટલે જેમને કોઈ પણ જાતની ભીખ નથી; લક્ષ્મીની, વિષયોની, માનની, કીર્તિની, કોઈ પણ પ્રકારની ભીખ તેમને ના હોય !

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.